નોંધપોથીનાં પાનાં

ભાગ - ૩

૧૯૫૬ - ૧૯૬૩

ગરમાગરમ ચર્ચા ચાલતી હતી. એક પછી એક દલીલોનો મારો થતો હતો, ને કોઈ નિવેડો આવતો નહોતો, કોઈ અંત દેખાતો ન હતો. કોઈ આ અનંત ચર્ચા-ચર્ચાથી કંટાળીને બોલ્યું; ''માતાજી, કહેવાય છે કે જ્યારે લીંબુને વધારે પડતું નીચોવીએ ત્યારે એ કડવું લાગવા માંડે છે.''

માતાજી : ''જ્યારે અગ્નિને સંકોરવામાં આવે ત્યારે એ વધુ પ્રજ્જવલિત થાય છે. એવી જ રીતે ધર્મ અને તત્ત્વદર્શન અંગે ચર્ચા કરવાથી એમાંનો આપણો રસ વધે છે. વાત સાચી છે, લીંબુને વધારે પડતું નીચોવવાથી એની કડવાશ વધે તો ખરી ને? પરંતુ જ્યારે એક સાચો સત્યાન્વેષક સત્યની અન્વેષણાની પિપાસાથી ચર્ચા કરે ત્યારે તેની આંખ ખૂલી જાય છે. ચર્ચા કરવાથી કેટલાકની સ્પષ્ટતા વધે છે, તો કેટલાકની ગૂંચવણમાં ઉમેરો થાય છે. પ્રત્યેકનો પોતાનો માર્ગ છે. જેની સમસ્યાઓ ખૂબ તીવ્ર બનીને ઊભી હોય ત્યારે સમગ્ર અસ્તિત્વ સંક્ષુબ્ધ થાય-ખળભળી ઊઠે, અંદરથી હાલી જવાય અને સત્યાન્વેષણ વધુ તીવ્ર બને. દોરો કંતાય અને તેમાંથી વસ્ત્ર વણાય તે પહેલાં જેમાં રૂ ભરેલું હતું તે કાલાને ફોલવું પડે, તેના ઠલિયાને ફેંકી દેવા પડે. પોતાની જાતને તૈયાર કરવી એટલે અહમ્ ભાવને, અહંકારને સંપૂર્ણપણે નિર્મૂળ કરવો. જ્યાં સુધી તેના અહંકારનો અંશ માત્ર પણ શેષ હશે ત્યાં સુધી પરમાત્માનો પ્રકાશ થઈ શકશે નહિ, સત્યનું પ્રાકટ્ય થઈ શકશે નહિ.

❑ ◆ ❑

૧૯૫૬ના જાન્યુઆરી માસમાં વિંધ્યાચલ નિવાસ વખતની આ વાત છે. માતાજીના ખંડમાં થોડાક જ લોકો હતા. અમારા સહુના પરિચિત એવા એક જણની ગંભીર માંદગીની વિગતો માતાજી અમને જણાવતાં હતાં. દરેક પ્રકારના ઔષધો લીધા પછી અને બધી જાતની ચિકિત્સા કર્યા પછી અંતે એની તબિયત દેશના એક પ્રખ્યાત સર્જનની કુશળતાને કારણે કેવી ઝડપથી અને સાવ સહેલાઈથી સુધરી ગઈ તેનો માતાજીએ તાદૃશ ચિતાર આપ્યો. પછી કહે : ''હું તો હંમેશાં એમ કહું છું કે તમે માંદા હો તો સારામાં સારા અને મોટામાં મોટા ડૉક્ટરની સલાહ લો. તમે જો

મહાનથી યે મહાનના હાથમાં તમારી જાતને મૂકો તો તમે ચિંતામુક્ત રહી શકો. તમને મનમાં એમ થાય કે હવે જે થવું હોય તે થાય, મેં તો મારાથી ઘટતું બધું જ કર્યું છે. પરંતુ મહાનથી યે મહાન સુધી પહોંચવું મુશ્કેલ છે અને એની કિંમત આકરી છે. તમારે આપવું પડે છે, એની પાસે જવા માટે તમારું સર્વસ્વ, જે તમારી પાસે હોય તે બધું જ દઈ દેવું પડે છે. પરંતુ લોકો કહે છે : ''મારો ગર્વ, મારો ક્રોધ, મારું સ્વાભિમાન તે મારે કઈ રીતે આપી દેવું? જરા જેટલો ય બબડાટ કર્યા વિના અપમાન તે હું કઈ રીતે સહન કરું?''

તે ક્ષણે બે બહેનો ખંડમાં આવી અને માતાજીને એક એક ફૂલહાર અર્પણ કર્યા. એમણે તરત જ બાજુમાં પહેલા બે ગુલાબના હાર લઈને બન્નેને પહેરાવી દીધા. કોઈ બોલ્યું : ''જુઓ, અહીં તો માત્ર આપવાનું નથી, પાછું કંઈક મળે પણ છે.'' માતાજી કહે : ''સર્વસ્વ આપો તો સર્વસ્વ પ્રાપ્ત થાય.''

❑ ◆ ❑

કિશનપુર : ૧૯૫૬ જુલાઈ ૧૩

આજે સવારે બગીચાની સંભાળ જેમને સોંપાઈ હતી એવા કેટલાક આશ્રમવાસીઓને માતાજી કહે : ''બગીચામાં કામ કરશો એટલે તમે છોડની અને વૃક્ષવલ્લીઓની સેવા કરશો અને એમની સાથે રહેશો એટલે એમના જેવા બનવાનો પ્રયત્ન કરશો. વૃક્ષને ગુરુ બનવા દો. વૃક્ષ છાયા આપે છે, ફળ આપે છે. ફળ પાકે એટલે ખરી પડે ને સ્વાદમાં મીઠું લાગે. વૃક્ષનું લાકડું તમારી રસોઈ કરવામાં વપરાય. વૃક્ષ સંપૂર્ણપણે આપે છે, કંઈ જ બાકી રાખ્યા વગર, નિ:શેષ, આપે છે. વૃક્ષો કેવી રીતે ઊગે છે તેનું નિરીક્ષણ કરો, વૃક્ષોની સાથે દોસ્તી કરો અને એમની પાસેથી શીખો. ઘાસને પણ જુઓ. ઘાસ નમ્ર છે અને બધું જ ખમે છે. લોકો એને કચડી નાખે, એને કાપે અને એ આત્મરક્ષણ પણ ન કરે. એ જ રીતે ધરતી; બધા એની ઉપર ચાલે. તમે એને ટીપો, ગૂંદો - જે કરવું હોય તે કરો, એ તો એવી ને એવી જ શાંત-ધીર અને મમતામયી.''

"વૃક્ષો અને બીજી વનસ્પતિની સેવા કરવાની સાથે સાથે તે કામમાંથી થોડી દ્રવ્યપ્રાપ્તિ પણ થશે. આ દ્રવ્ય કોઈની ધનલાલસા સંતોષવામાં નહીં વપરાય પરંતુ આશ્રમની શાળાના બ્રહ્મચારીઓની કેળવણીમાં વપરાશે. તમારા શરીરને જે કંઈ પોષણની જરૂર પડે તે તમે બગીચામાંથી મેળવી શકશો અને એ પણ પરમાત્માને અર્પણ કરીને, આ કર્તવ્ય માટે પરમાત્મા તમારા શરીરને સરસ પોષણ આપે તે માટે. તે બધું જોખો. તમે કેટલું લો છો તે લખી રાખો જેથી તમે કેટલું ઉત્પન્ન કર્યું તેની તમને ખબર પડે. આમ તમારો આખો દિવસ પૂજામાં જશે અને તમે જે કંઈ કરશો તે સેવા જ હશે.

"નોકર-ચાકરની સાથે પ્રેમથી રહો. તેમનું કામ બરાબર થાય તેની કાળજી જરૂર રાખો, પણ તેમની ઉપર ગુસ્સો ન કરો."

❑ ◆ ❑

૧૯૫૬ના ઑક્ટોબર માસની પંદરમી તારીખે એટલે કે માતાજી વિંધ્યાચલ જવા માટે વારાણસી છોડીને નીકળ્યાં ત્યારે એક ચર્ચાપ્રિય વૃદ્ધ સજ્જને માતાજીને પૂછ્યું :

"મા, આબાલવૃદ્ધ સહુ તમારા પ્રત્યે આકર્ષાય છે, એવું કઈ રીતે બને છે?"

માતાજી (હસતાં હસતાં) : "આ બાલિકા તો સાવ નાનકડી છે અને તે કોઈ એકની નથી તેથી સહુ એની પાસે આવે છે. વળી આમ પણ છે : જેની પાસે દુનિયામાં કાંઈ ન હોય અને જેનું કોઈ ન હોય તેને બધા જ પોતાનાં હોય છે."

વૃદ્ધ : "તમે કહો છો કે તમે કોઈનાં નથી તો તમે તો હંમેશાં બધાને તમારા મા-બાપ કહીને બોલાવો છો."

માતાજી : "એ પણ ખરું. બધા મારા મા-બાપ છે. એટલે જ આ નાનકડી દીકરીને જોવા આવે છે."

વૃદ્ધ : "એ તો તમે આવું કહો છો. અમે કંઈ તમને અમારું નાનકડું બાળક માની શકીએ નહિ."

માતાજી : "તો પછી તમે એવા દયાળુ, એવા કરૂણામય છો કે આ નાનકડી છોકરીની દયા ખાઓ છો"

વૃદ્ધ : (અત્યન્ત ભારપૂર્વક) : "ના ના, એમ નથી. હું કાંઈ દયાળુ નથી કે કરૂણામય નથી. હું કોઈ પણ સંજોગોમાં આવા પ્રકારનો ખુલાસો સ્વીકારવાનો નથી."

પરંતુ માતાજીને કંઈ પકડી શકાયા નહીં. તેઓ તો કહે : "ભલે, ભલે, મનુષ્યનું પોતાની જાત પાસે આવવું એ સ્વાભાવિક નથી શું? એમાં વળી કારણ ને ખુલાસાની જરૂર હોતી હશે? પોતાની જાત પાસે-પોતાના આત્મસ્વરૂપ પાસે આવવું એ તો પ્રત્યેકને માટે અત્યંત સ્વાભાવિક છે."

❑ ◆ ❑

વૃન્દાવન : ફેબ્રુઆરી-માર્ચ, ૧૯૫૭

માતાજીના વૃન્દાવનનિવાસ દરમિયાન, યુંગના માનસશાસ્ત્રીય સિદ્ધાન્તો પ્રમાણે માનસચિકિત્સા કરનારી બે બહેનો માતાજીને મળવા આવી. તેમની વચ્ચે આ પ્રમાણે વાતચીત થઈ.

પ્રશ્ન : "માનસચિકિત્સકો લોકોની સાથે વાતચીત કરીને તેમને સાજા કરે છે; પણ તમારી બાબતમાં તો એમ લાગે છે કે કેવળ તમારા હોવાથી, તમારી જ્યોતિથી, શબ્દો વિના જ લોકો સાજા થઈ જાય છે."

"અમારો પ્રયત્ન લોકોને મદદરૂપ થવાનો છે. લોકો માટે અમે મૂળભૂત રીતે શું કરી શકીએ?"

માતાજી : "આ જગતમાં સંપૂર્ણપણે માનસિક સ્વસ્થતા ધરાવે એવું તો કોણ હોય? કોઈ ધનની પાછળ પાગલ છે, તો કોઈ સૌંદર્ય પાછળ. કોઈ સંગીત પાછળ ઘેલું છે તો કોઈ વળી પોતાના છોકરા પાછળ. કોઈ ખરેખર માનસિક સમતુલા ધરાવતું નથી."

પ્રશ્ન : "તો પછી તેનો ઈલાજ શો?"

માતાજી : "જેમ આપણે વૃક્ષનાં પાંદડાંમાં નહિ પણ મૂળમાં પાણી પાઈએ છીએ, તેમ મનુષ્યના રોગને મૂળથી જ નાથવો પડે. માણસનાં

મૂળ મનમાં છે. એથી બધી જાતની માંદગી મટાડવાની ઔષધિ મનમાં છે. મન જ્યારે શાંત થશે ત્યારે તેનું બધું સારું થશે, શારીરિક રીતે અને માનસિક રીતે.''

પ્રશ્ન : ''મન કઈ રીતે શાંત થાય?''

માતાજી : ''જે માર્ગે. 'હું કોણ છું.' એ પ્રશ્નનો ઉત્તર મળે એ માર્ગે ચાલવાથી. તમારું શરીર પહેલાં યુવાન હતું, હવે કેશ શ્વેત થતા જાય છે, દાંત પડવા માંડ્યા છે, શરીર વૃદ્ધ થતું જાય છે. એ કંઈ ખરેખર 'હું' નથી. તેથી મનુષ્યે ખરેખર પોતે કોણ છે તે શોધી કાઢવું જોઈએ. તે જ્યારે આમ કરવાનો પ્રયત્ન કરે ત્યારે તેના મનને યોગ્ય પોષણ મળશે, એનાથી એ શાંત થશે. મનને ધારક-પોષક તત્ત્વ આ સંસારના કોઈ પણ ક્ષણભંગુર નશ્વર પદાર્થમાંથી મળી શકે નહિ. જે કંઈ શાશ્વત-સનાતન છે તેમાંથી મળે. શાશ્વતનો રસ મનને પ્રશાંત કરે, સ્થિર કરે.''

''બ્રહ્માંડની ઉત્પત્તિ આનંદમાંથી થઈ તેથી તમે ક્ષણિક પદાર્થોમાં પણ આનંદ શોધો છો. આનંદ વિનાની જિંદગી સજા જેવી બની જાય. તેથી આ સૃષ્ટિની ઉત્પત્તિના મૂળમાં રહેલા આનંદને મેળવવા મથો.''

પ્રશ્ન : ''આમાં સ્ત્રીનું સ્ત્રી તરીકેનું પુરુષ કરતાં જુદું પડે એવું કર્તવ્ય શું હોઈ શકે?''

માતાજી : ''સ્ત્રી મૂળભૂત રીતે તો માતા છે. એનું કર્તવ્ય છે સહુની સંભાળ રાખવી, સેવા કરવી. વળી તમે પુત્રી પણ હો, પત્ની અને મા પણ હો. આમ એકમાં ત્રણ હો તો આ ત્રણેના ઐક્યને સમજવું-સ્વીકારવું. વળી, પ્રત્યેક નારીમાં એક નર સમાયેલો છે અને પ્રત્યેક નરમાં એક નારી. તમારામાં નરનો અંશ ન હોત તો તમે તેને સમજી ન શકત, નરમાં જો નારીનો અંશ ન હોત તો તે નારીને સમજી ન શકત. આથી નારીનું કર્તવ્ય પોતાનામાં રહેલા નરને-પુરુષને શોધી કાઢવાનું પણ છે.''

પ્રશ્ન : ''તો પછી પુરુષનું વિશેષ કર્તવ્ય, તેનો ફાળો, શું હોઈ શકે?''

માતાજી : ''પુરુષ એ જગતને ધારણ કરનાર પરમ પુરુષનું પ્રતિબિંબ છે. સાચું પૌરુષ એટલે દિવ્યતા. પરંતુ આત્મા સ્ત્રી-પુરુષના, નર-નારીનાં

દ્વંદ્વથી પર છે. પ્રત્યેકે પોતાની અંદર છુપાઈ રહેલા આત્માને શોધી કાઢવાનો છે. પોતાનામાં બીજ રૂપે નિહિત એવાં નર અને નારીને પુષ્પની જેમ 'ઉઘાડવાનું-ખીલવવાનું અને નર-નારીથી પર એવા આત્માનો સાક્ષાત્કાર કરવાનું પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે.''

❑ ◆ ❑

૧૯૫૭ના એપ્રિલ માસમાં માતાજીના કિસનપુર અને હરદ્વાર નિવાસ દરમિયાન એક અમેરિકન બહેને માતાજીને કેટલાક સહુને રસ પડે-ખપ લાગે એવા પ્રશ્નો પૂછ્યા. આ પ્રશ્નો અને માતાજીના ઉત્તરોનો સાર પાછળથી સ્મૃતિના આધારે નોંધી લેવામાં આવ્યો હતો.

પ્રશ્ન : ''હું જ્યારે સવારે ઊઠું ત્યારે મારી જાતને પરમાત્માની સમીપે અનુભવું છું; પણ ઊઠી, પરવારીને ધ્યાનમાં બેસું ત્યારે આ મનઃસ્થિતિનું થોડે-ઘણે અંશે બાષ્પીભવન થઈ જાય છે. પથારીમાં સૂતાં સૂતાં ધ્યાન કરવું શું યોગ્ય છે?''

માતાજી : ''તમે કશુંક ભણવા-યાદ રાખવાની મથામણ કરતાં હો ત્યારે તમે કઈ રીતે તે ભણ્યાં કે સ્મૃતિમાં રાખ્યું તેનું કોઈ મહત્ત્વ નથી. કેટલાક લોકોને બેઠા બેઠા કરવાનું ફાવે, કેટલાકને પડ્યા પડ્યા, તો કોઈને વળી આમથી તેમ અને તેમથી આમ આંટા મારતા મારતા. જો સૂતા સૂતા પરમાત્મામાં મન પરોવવાનું તમારે માટે સરળ હોય તો તમે ચત્તા સૂઈને ધ્યાન કરો. પરંતુ ધ્યાન માટેની ઉત્તમ શારીરિક સ્થિતિ તો પોતાને અનુકૂળ એવા આસનમાં સ્થિર અને ટટ્ટાર બેસવાની છે.''

પ્રશ્ન : ''દિવસે ઊંઘવું યોગ્ય છે?''

માતાજી : ''કોઈ પણ રીતે જોઈએ તો આ સામાન્ય જીવન એ પોતે એક પ્રકારની નિદ્રા છે. એમાંથી આપણે જાગી જવાનું છે. માટે જેટલું જાગતા રહેવાય તેટલું સારું. સાધુને અને બ્રહ્મચારીને દિવસે ઊંઘવાનો નિષેધ છે. જેમ જેમ ધ્યાનમાં ગતિ-પ્રગતિ થાય તેમ તેમ નિદ્રાની આવશ્યકતા ઘટતી જાય છે. સામાન્ય મનુષ્યને કેવળ ગાઢ નિદ્રામાં આત્માનુસંધાન થાય છે, બાકીના સમયમાં તે આત્માથી અળગો હોય છે. આ અનુસંધાન અજ્ઞાતમાં થતું હોય છતાં એ થાય છે, માટે તો જીવન

સહ્ય બને છે. માટે સામાન્ય મનુષ્ય માટે નિદ્રા અનિવાર્ય છે, તેના વગર ચાલે જ નહીં. દરેક પ્રકારની સાધનાનું ધ્યેય પોતાની જાત વિષે સભાન બનવું-આત્માભિમુખ થવું તે છે. આ જ્યારે સિદ્ધ થઈ જાય ત્યારે નિદ્રા અને આપણે જેને સામાન્ય રીતે જાગૃતિ કહીએ છીએ તે- એમ બન્ને અવસ્થાને પારની સ્થિતિ પ્રાપ્ત થાય છે.''

''નિદ્રામાં દેહને આરામ અને તાજગી પ્રાપ્ત થાય છે, માટે જ માંદા માણસોને નિદ્રાપ્રદ ઔષધ આપવામાં આવે છે. તમને કશાકમાં ખૂબ રસ પડી ગયો હોય ત્યારે તમને ઊંઘ આવતી નથી, તમે રાત્રે મોડે સુધી જાગી શકો છો. પરંતુ પછીથી એનું પરિણામ એવું આવે છે કે તમારે ગુમાવેલી નિદ્રાને સરભર કરવા માટે ઊંઘી લેવું પડે છે. જ્યારે પરમાત્માની, સત્ સ્વરૂપની ખોજમાં સાચો રસ પડે ત્યારે ધ્યાનમાં વધારે ને વધારે આનંદ આવે અને નિદ્રાની આવશ્યકતા ઘટતી જાય. નિદ્રાનો સમય તમે ધીમે ધીમે ઘટાડી શકો, પણ એકાએક પરાણે તેમ કરવું યોગ્ય નથી.''

''નિદ્રાની આવશ્યકતા આપોઆપ ઘટવી જોઈએ. નહિ તો થાકી જવાય અને પોતાનું કામકાજ યોગ્ય રીતે થઈ શકે નહિ. પરંતુ ધારો કે તમે છ કલાકની ઊંઘમાંથી દસ મિનિટ ઓછી કરો તો તેની કોઈ નકારાત્મક અસર થાય નહિ. નિદ્રાની આવશ્યકતાનો આધાર કેટલેક અંશે માણસની તંદુરસ્તી પર છે અને કેટલેક અંશે તે કેવો એને કેટલો ખોરાક લે છે તે પર – આહારના પ્રકાર અને પ્રમાણ પર – છે.''

❑ ◆ ❑

પ્રશ્ન : ''ઘણા લોકો જરૂર ન હોય તો પણ, કેવળ ટેવને કારણે ભીખ માગે છે. તો એવાઓને આપવું જોઈએ કે નહિ?''

માતાજી : ''જો તેમને કોઈ જરૂર નથી એવી તમને ખબર હોય તો તો ન જ આપવું જોઈએ. કારણ કે એનો દુરુપયોગ થાય તો તેના દુષ્કર્મના ફળમાં દાતાનો પણ ભાગ છે. ઘણીવાર અમુક વ્યક્તિ યોગ્ય છે કે નહિ તેનો ખ્યાલ અંદરથી – અંતઃપ્રેરણાથી આવતો હોય છે. પરંતુ હંમેશા કંઈ આવું થતું નથી. આવે વખતે ભગવાન પોતે ભિક્ષુક રૂપે

આવ્યા છે એવી ભાવનાથી આપવું જોઈએ. આવી ભાવના હશે તો દાન આપવાનું કોઈ અનિષ્ટ ફળ મળશે નહિ.

પ્રશ્ન : ''કોઈ એકલું રહેતું હોય અને પરિણામે તેને એકાદ કૂતરું-બિલાડું પાળવાનું મન થાય તો, આમ તો દરેક જીવમાં કોઈ ને કોઈ સ્વરૂપે ભગવાન સ્વયં છે તેથી સાધનામાં મદદ થાય કે પછી મનુષ્યને અંતર્મુખી થવાને બદલે બહિર્મુખી થવાથી અવળી અસર થાય?''

માતાજી : ''કોઈ સાવ એકલું રહેતું હોય અને તેની ઈચ્છા ચોકી માટે કૂતરો રાખવાની હોય તો તેમાં કોઈ નુકસાન નથી, કેમ કે તે કૂતરામાં આસક્ત નહિ થાય. પરંતુ એ જો એને પાળે અને આખો દિવસ એની કાળજી રાખ્યા કરે તો તેના ધ્યાનમાં વિક્ષેપ પડે. માણસ જે વિચારે છે તે એ પોતે બની જાય છે. તમારી પોતાની દૈહિક જરૂરિયાતોને તો તમારે અનિવાર્યપણે સંતોષવી જ પડે છે. કોઈ પ્રાણીને પાળવાથી તમે તમારી ભૌતિક આવશ્યકતાઓને અનેકગણી વધારી દેશો.''

''આ પરથી મને એક વાર્તા યાદ આવે છે, જો કે એ આ મુદ્દાને એકદમ લાગુ પડે તેવી નથી. એક સાધકે એના ગુરુને ફરિયાદ કરી કે ધ્યાનમાં એકાગ્ર થવાતું નથી. ગુરુએ બધી યુક્તિઓ અજમાવી પણ વ્યર્થ. અંતે એમણે પોતાના શિષ્યને પૂછ્યું. 'તને વહાલામાં વહાલું કોણ?' તો કહે : ગુરુજી, મારી ભેંસ !' ગુરુ કહે : 'ભલે ભલે. સારું. તું બેસીને તારી ભેંસનું ધ્યાન ધર !' શિષ્ય તો ભેંસના ચારા-પાણીની વ્યવસ્થા કરી અને ધ્યાનમાં બેસી ગયો. પોતાની વહાલી ભેંસનું ચિંતન-મનન કરવું તો બહુ સહેલું હતું. એમ કરતાં કરતાં એ તો બધું ભૂલીને ધ્યાનમગ્ન થઈ ગયો.''

''એક દિવસ ગુરુ શિષ્યની પ્રગતિની ખબર લેવા પધાર્યા પણ પેલો તો ક્યાંય મળે નહીં. કેટ-કેટલી વાર એનું નામ દઈને પુકાર કર્યા, પણ શિષ્યે સાંભળ્યું નહીં. કેટલાક સાદ પાડ્યા પછી અને બારણાં ખખડાવ્યા પછી એને અંતે ધ્યાનમાંથી જગાડ્યો. 'દ્વાર ઉઘાડ અને બહાર આવ, ગુરુએ બૂમ પાડીને કહ્યું. 'પણ કેમ કરીને બહાર નીકળું?' શિષ્ય કહે, 'મારા શિંગડાં બારણાંમાંથી નીકળતાં નથી !''

''જોયું ને, જેના વિષે ચિંતન કરો તેવા બનાય. માટે જ કોઈ ચોક્કસ આકૃતિનું ધ્યાન ધરવાને બદલે આત્માનું ધ્યાન ધરવું જોઈએ એમ કહેવામાં આવે છે. છતાં પણ ધ્યાન ધરવાનો બીજો કોઈ માર્ગ ન રહે તો આ પણ એક માર્ગ છે. શિષ્ય એકાગ્ર થતાં શીખ્યો પછી ભેંસ સ્વરૂપથી પર થઈને ખરેખર આત્મસ્વરૂપને પામ્યો.''

''બીજો પ્રસંગ મને કેટલાંક વર્ષો પહેલાં કોઈએ સંભળાવ્યો હતો. એક યુરોપની નારીનો તેના પતિએ ત્યાગ કર્યો હતો. તેને તેનો પતિ બહુ પ્રિય હતો. આ ન પૂરાય એવી ખોટના આઘાતમાંથી બહાર નીકળવાનું એને માટે અશક્યવત્ હતું. અત્યંત હતાશ થઈને તે એક સંત પાસે ગઈ. તેનું દુ:ખ વિસારે પડે એવો કોઈ ઈલાજ શીખવવા વિનંતી કરી. સંતે તેને પતિની તસવીર સામે બેસીને તેને પરમાત્મા સ્વરૂપ માનીને તેનું ધ્યાન ધરવાનું કહ્યું. પેલી સન્નારીએ એ પ્રમાણે કર્યું અને એમાંથી ઘણું આશ્વાસન મેળવ્યું. પતિના આત્મા સાથે વધુ ને વધુ નિકટતાનો અનુભવ થતો ગયો, તેમ તેમ સ્થળના બાહ્ય અંતરની કોઈ પરવા ન રહી. થોડાં વર્ષો પછી તેનાં પતિને પોતાના વર્તન બદલ પસ્તાવો થયો અને તેની પાસે પાછો આવ્યો. પરંતુ તેણે તેની સાથે રહેવાની ના પાડી અને તેને એકલા છોડી જતા રહેવાનું કહ્યું. જે હવે ખરેખર સત્ સ્વરૂપ હતું તેની સાથે તેનું અનુસંધાન થઈ ગયું હતું, તે નિરંતર તેની સાથે હતું પરિણામે જે આવે અને જાય એવા ભૌતિક રૂપ માટેની તેની આસક્તિ છૂટી ગઈ હતી.

પ્રશ્ન : ''મારે કોઈ પ્રાણી પાળવું કે નહીં તેની મને હજી ખબર પડી નથી.''

માતાજી : ''થોડા સમય માટે ધ્યાન કરો અને કેમ લાગે છે તે જુઓ. કૂતરા-બિલાડીની કાળજી રાખવા કરતાં તમારા વિચારોને પરમમાં કેન્દ્રિત કરો.''

પ્રશ્ન : ''મોટી ઉંમરના લોકો માટે દૂધ પીવું આવશ્યક છે?''

માતાજી : ''દૂધ-ઘીની આવશ્યકતા માત્ર નાનાં બાળકોને જ નહીં મોટાઓને પણ એટલી જ છે. વૃદ્ધજનોના દાંત પડી જાય એટલે એ લોકો

પણ બાલવત્ બની જાય અને તેમને દૂધની જરૂર રોજ રોજ પડે.''

પ્રશ્ન : ''ભેંસનું દૂધ પીવું સારું છે?''

માતાજી : ''તમે ગોપાલની પૂજા કરો છો, ખરું ને? ગોપાલ તો ગાયોના ગોવાળ હતા, ભેંસોના નહિ. ગાયનું દૂધ અને તેની બનાવટ બધી ઉત્તમ.''

પ્રશ્ન : ''ભેંસ જાડું પ્રમાદી પ્રાણી છે. આ બધા ગુણો એનું દૂધ પીનારમાં પણ આવે ને?''

માતાજી : ''ચોક્કસ. જે જે ભેંસનું દૂધ પીએ એમાં આ બધા ગુણો આવે જ.''

❑ ◆ ❑

ભારતમાં માતપિતા સંતાનોનાં લગ્ન ગોઠવે છે. પશ્ચિમમાં યુવાનો પોતે પોતાના જીવનસાથીની પસંદગી કરે છે. આ બેમાં વધુ સારી પદ્ધતિ કઈ?

પ્રેક્ષકોમાંથી કોઈક : ''ભારત માટે ગોઠવેલાં લગ્ન અને પશ્ચિમ માટે પોતાની પસંદગીનાં લગ્ન.

માતાજી : ''મા-બાપને છોકરાં વહાલાં હોય છે અને એમને સુખી જોવા મા-બાપ તત્પર હોય છે; વળી એ લોકોને ગૃહસ્થાશ્રમનો લાંબો અનુભવ હોય છે. યુવાનો કેવળ બાહ્ય દૈહિક આકર્ષણથી દોરવાઈ જાય તેવો સંભવ હોય છે અને આવું આકર્ષણ તો ક્ષણિક હોય છે. તેથી ઘણીવાર પ્રેમલગ્નો નિષ્ફળ જતાં હોય છે. શાણાં મા-બાપ ગોઠવે તે લગ્ન ઉત્તમ.''

પ્રશ્ન : ''ઘણી વાર પાણી ને તેલની જેમ જુદાં રહે એવાં યુવક-યુવતીને પરણાવી દેવામાં આવે છે. લગ્ન પહેલાં મળ્યાં પણ ન હોય તેવાં વર-વધુમાં આવું થશે કે નહિ એની મા-બાપને કઈ રીતે ખબર પડે?

માતાજી : ''મા-બાપને બાળકો માટે શું યોગ્ય છે તેની ખબર અંતઃ-પ્રેરણાથી પડી જાય એવો ઘણે અંશે સંભવ છે. વળી એ લોકો પોતાનાં સંતાન માટે વર અથવા કન્યા શોધતા પહેલાં બરબર વિચાર કરતાં હોય છે. વળી

ભારતમાં તો મા-બાપમાં સંતાનોને પૂરો વિશ્વાસ હોય છે. વળી લગ્નવિધિ વખતે ઉચ્ચારાતા મંત્રો અને લગ્નનો વિધિ સ્વયં એ દંપતિ વચ્ચે સાયુજ્ય-દાંપત્ય સ્થાપે છે. પરમાત્માની સાક્ષીએ બન્ને જોડાય છે અને પત્ની પતિની સહધર્મિણી કહેવાય છે. બન્નેના જીવનનું એકમાત્ર ધ્યેય છે, પરમની પ્રાપ્તિ-આત્મસાક્ષાત્કાર. એ લોકો વિધિ વખતે જ, એકબીજાની સાથે પવિત્ર સંબંધથી જોડાયાં પછી જ પરસ્પરને પહેલ વહેલાં મળે તો તે ગૃહસ્થાશ્રમને શોભાવે તેવું જીવન ગાળવામાં સહાયક થાય. પ્રભુની સાક્ષીએ જોડાયાં પહેલાં જો તેઓ એકબીજાને મળે તો પરમાત્માની સંમતિ લીધા પહેલાં દાંપત્યનો આસ્વાદ લીધા જેવું થાય. જે આપણા સમયમાં તો ભાગ્યે જ જોવા મળે છે તેવા આદર્શ લગ્નમાં તો બે-ત્રણ સંતાનોના જન્મ પછી દંપતિ વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરીને ભાઈ-બહેનની જેમ કે પિતા-પુત્રીની જેમ રહે. પુરાતન સમયમાં ઋષિઓ લગ્ન કરતા અને પ્રજોત્પાદન પણ કરતા. એ લોકો પરિણીત બ્રહ્મચારીની જેમ રહેતા. આપણા સમયમાં અપરિણીત બ્રહ્મચારીઓ મળી આવે છે પણ પરણેલા બ્રહ્મચારીઓ દુર્લભ છે.''

❑ ◆ ❑

પ્રશ્ન : ''જો સંપૂર્ણપણે પરમાત્માનું શરણ સ્વીકાર્યું હોય તો તેવી વ્યક્તિ માટે પોતાની મિલકત ગેરવલ્લે જતી અટકાવવા માટે કાનૂની કાર્યવાહી કરવી યોગ્ય છે?''

માતાજી : ''તમે કોર્ટ-કચેરી કરવા કે નહિ એમ પૂછો તો એનો અર્થ એ થાય છે કે તમારે માટે એ જરૂરી છે. આ ક્ષણે કદાચ તમને એમ લાગતું હશે કે કોઈ પગલાં ન લેવાં એ વધુ સારું. પરંતુ ભવિષ્યમાં ગુમાવેલી વસ્તુઓની તમારે જરૂર પડશે ત્યારે તમને ચુપ રહેવા બદલ અફસોસ થશે અને તે તમને ચિંતા કરાવશે. પરંતુ તમારા હક્કની પ્રાપ્તિ માટે જે કંઈ કરો, તે એકદમ કાયદેસર રીતે જ કરો, સાચું બોલીને કરો. તમે જો સંપૂર્ણપણે પરમાત્માનું શરણ સ્વીકાર્યું હોય તો તમે આવા પ્રશ્ન પૂછો જ નહિ, તમને આવો પ્રશ્ન ઉદ્‌ભવે જ નહિ.''

પ્રશ્ન : ''કેટલાંક લોકો એવું કહે છે કે ચોરને ત્યાં જ ચોરી થાય. તો હું કંઈ ચોર તો નથી જ ને !''

માતાજી : કોઈ તમારે ત્યાંથી કંઈ છાનુંમાનું - ગુપ્ત પણે લઈ જાય તેને તમે ચોરી કહો છો. પરંતુ આધ્યાત્મિક ઉન્નતિમાં એક એવી સ્થિતિ પણ આવે કે તમને દરેક સ્વરૂપમાં અને દરેક ક્રિયામાં પરમનાં દર્શન થાય. તે વખતે 'હું' અને 'મારું'નું શું મહત્ત્વ રહે? તમે કોણ છો અને તમારું શું છે તે શોધી કાઢો ! પછી, જ્યારે તમારી જાણ બહાર કોઈ કંઈ પણ લઈ લેશે તો તે તમને ચોરી જેવું નહિ લાગે. આત્મા એક જ હોય તો ત્યાં ચોર કેવી રીતે હોય?

અમુક વ્યક્તિ ચોર છે એમ તમે કોઈ ચૂકાદો આપ્યા વગર કે અણગમો અનુભવ્યા વગર કહી શકો એવી આધ્યાત્મિક સ્થિતિ પણ હોઈ શકે કારણ કે સાથે સાથે એમ પણ જોઈ શકાય, એક પરમાત્મા જ પોતાને અનેક રીતે વ્યક્ત કરે છે, કેમ કે જે કંઈ બને છે તેમાં એમનો હાથ છે.''

❑ ◆ ❑

કિશનપુર : જુલાઈ, ૧૯૫૭

એક સાંજે માતાજી પોતે દહેરાદુન પાસે રાયપુરમાં આવીને ભોલાનાથ અને ભાઈજીની સાથે રહ્યાં તેની વાત કરતાં હતાં. ઉચ્ચ સરકારી હોદ્દેદાર એવા ભાઈજીએ જિંદગીમાં કદી ન કર્યું હોય એવું શ્રમનું કામ કરીને માતાજી અને ભોલાનાથજીની કેવી સેવા કરી તેની વાત માતાજીએ કરી. બહુ કપરું કામ હોવા છતાં મહાન શ્રદ્ધા-ભક્તિ અને તિતિક્ષા દ્વારા આ દિશામાં તેમણે સારી કુશળતા મેળવી. તેઓ ખુલ્લા પગે ચાલવાનો આગ્રહ રાખતા. વર્ષો સુધી બૂટ-મોજાં પહેર્યાં પછી આમ કરવાથી તેમના પગે ઉઝરડા પડતા, ફોલ્લા પડતા, છતાં યે અડગ રહ્યા. બે વર્ષના અભ્યાસ પછી તેમણે કહ્યું ''હવે મેં જૂતા પહેરવાનો હક્ક મેળવ્યો છે કેમ કે હું ખુલ્લા પગે ચાલતાં શીખ્યો છું.''

માતાજીના જે જૂના ભક્તોને ભાઈજીનો પરિચય હતો એમને હજુ યે તેમને ગુમાવ્યાનો વસવસો છે. ભાઈજી આશ્રમની એકે એક વ્યક્તિ માટે જીવંત ઉદાહરણ જેવા હતા. એમની નિષ્પક્ષપાત ભ્રાતૃભાવના અને

સેવાભાવના દ્વારા તેમણે સહુના લાડકવાયા 'ભાઈજી'નું બિરુદ પ્રાપ્ત કર્યું હતું. કોઈ નવું આવે તેમને માતાજી સુધી પહોંચાડવામાં અને માતાજી પાસે બેસાડવામાં એ મદદરૂપ થતા, ને પોતાની જાતને પડદા પાછળ રાખતા. પોતે માતાજીની હાજરીમાં કદી બેસતા નહિ, પણ વિશાળ ખંડમાં કે ઓરડામાં છેક છેવાડે ઊભા રહેતા. જ્યારે ઘરબાર છોડીને માતાજી અને ભોલાનાથની સાથે રહેવા આવ્યા ત્યારે, ચોવીસે કલાક એમ ઊભા ન રહી શકાય એ કારણે, એમણે માતાજીની હાજરીમાં બેસવાનું શરૂ કર્યું.

તેઓ લોકોને કહેતા; ''જો માતાજી પાસે આવીને એમનું માર્ગદર્શન સ્વીકારો તો પછી તમારે આ કે તે સાધના કરવી જ પડે એવું ન વિચારશો, પરંતુ તેઓ કહે તે પ્રમાણે જ કરજો.''

માતાજી હમેશાં જાતજાતના લોકોથી વીટળાયેલાં હોય. તેમની પાસે દરેક વર્ગના, દરેક જ્ઞાતિના, ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ ધરાવતા, જુદી જુદી રીતે ઉછરેલા લોકો આવે. એમાંનું કોઈ પૂર્ણ નહિ. અહીં તો સહુ આત્મસંશોધન કરવા, પૂર્ણતાની પ્રાપ્તિ કરવા આવે એટલે જે આવે એને માટે બીજાની ટેવો, રીતરિવાજો, મર્યાદાઓ અને વ્યક્તિગત વિચિત્રતાઓની સાથે મેળ પાડવો મુશ્કેલ છતાં દરેકે યાદ રાખવું જોઈએ કે આ તો પોતાની તપસ્યા અથવા સાધનાનો મહત્ત્વનો ભાગ છે. આને કારણે ધીરજ અને સહનશીલતાનો વિકાસ થશે અને પોતાનો અહંકાર તૂટશે. તેથી બીજાને સુધારવા નીકળી પડવાને બદલે જે બને તે સહન કરવાનો પ્રયત્ન કરવો અને બીજાને નહિ પણ પોતાની જાતને સુધારવાનો પુરુષાર્થ કરવો, આમ કરવાથી પુષ્કળ લાભ થશે.

❑ ◆ ❑

કિશનપુર : જુલાઈ, ૧૯૫૭

ઘણીવાર બને છે તેમ, એક પુત્રના મૃત્યુની વ્યથાથી વ્યાકુળ માતા પુત્રને ગુમાવ્યાનો શોક કરતી કરતી માતાજી પાસે હૃદયનો ભાર હળવો કરવા આવી. માતાજી એને ઉદ્દેશીને આશ્વાસનની શીતળ વાણી ઉચ્ચારે છે. સમજાવે છે કે દીકરો તો પરમાત્માને ખોળે છે, અને એમને પ્રાર્થના

કરવાથી, એમને શરણે એમની પાસે જવાથી દીકરાની નજીક જવાશે. તો યે એ માતાનાં આંસુ સૂકાતાં નથી એટલે મા એને એક સત્યઘટના કહે છે. આ વાત અમે તો એમની પાસે આવા પ્રસંગે આ પહેલાં પણ સાંભળી છે.

''હું બંગાળમાં રહેતી ત્યારે વર્ષે એકવાર તારાપીઠ અવશ્ય જતી. એક દુ:ખિયારી બાઈ રડતી રડતી આવી. તેની સત્તર-અઢાર વર્ષની કન્યા લગ્નની આગલી રાતે ભગવાનના ધામમાં ગઈ. બીજી પુત્રી દસ-અગિયાર વર્ષની હતી. આ શરીરે બન્નેને ભગવદાભિમુખ થવાનું કહ્યું. નાનકડી કન્યાને માળા આપી. તેણે સવાર સાંજ જપ કરવા માંડ્યા. માંદી પડે તો ય એને ઓશિકે માળા હોય જ. પણ નિયતિ કંઈક એવી જ હશે તે એ પણ માંદગીમાંથી બેઠી ન થઈ અને ભગવાનને ખોળે ચાલી ગઈ.

આ શરીર પછીને વર્ષે તારાપીઠ ગયું ત્યારે પેલી માતા શોકમાં હતી. બે બે દીકરીઓને ગુમાવ્યા પછી એનું હૈયું ભાંગી ગયું હતું. એને સમજાવી કે તારી વ્યથા તો ગયેલાને આ ધરતી સાથે બાંધી રાખશે, તેની નિર્વિઘ્ને ઊર્ધ્વગતિ નહિ થાય. કેટકેટલું સમજાવ્યા પછી અંતે એણે આનંદમાં રહેવાનો ખરા દિલથી પ્રયત્ન કરવાનું વચન આપ્યું. ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં એ પોતાનાં બાળકો માટે ઝૂર્યા કરતી. એક સાંજે બેઠાં બેઠાં મનમાં થયું કે બીજું તો ઠીક પણ સ્વપ્નમાં યે મારી લાડકી મને જોવા મળતી નથી. એ રાત્રે શ્વેતવસ્ત્રધારિણી, પુષ્પોથી સુશોભિત કેશવાળી, તેજસ્વી અને મનોહર લાગતી નાની કન્યા સ્વપ્નમાં આવી. માને ઈશારાથી ક્યાંક લઈ ગઈ. ત્યાં એના જેવી કેટલીયે બાલિકાઓ પરમાત્માનું સ્તવન ગાતી હતી. પ્રત્યેક કન્યા શ્વેતવસ્ત્રથી શોભતી, પ્રત્યેકના કેશમાં પુષ્પોની શોભા હતી. એક ભવ્ય લાંબી દાઢીવાળા ઋષિ જેવા લાગતા પુરુષ એમને માર્ગદર્શન આપતા હોય એવું લાગતું હતું. પ્રત્યેક કન્યા આનંદ-ઉલ્લાસ અને શાંતિથી સભર દેખાતી હતી. તે જાગી ત્યારે તેને થયું કે નાનકી તો જ્યાં છે ત્યાં સુખી છે અને એને ન પજવવાનો એણે દૃઢ નિર્ધાર કર્યો.

છતાં એ એકાકિની થોડા સમય પછી ફરી પોતાની લાડકી દીકરીઓને માટે ઝૂરવા લાગી. એક રાત્રે દીકરી એના પિતાને સ્વપ્નમાં

આવીને વળગી પડી. કહે; ''મા અમારા વગર બહુ ઉદાસ રહે છે, એકલી પડી જાય છે. એનાં આંસુ મારાથી હવે સહેવાતાં નથી. હું તમારે ત્યાં પાછી આવું છું.'' સ્વપ્નમાં જ પિતાએ બાળકીને તેડીને એની માના ખોળામાં મૂકી. દસ માસ પછી એમને ઘેર બાળકી અવતરી. તારાપીઠની મુલાકાત વખતે એ નાનકડી બાળાને એની મા મારી પાસે લાવી. આજે તો એ મોટી થઈ ગઈ છે. આ રીતે સ્વજનોના શોક અને સંતાપ ગતાત્માઓને પાછા ખેંચી લાવે છે. પરંતુ તેમ કરવાને બદલે એમની ઊર્ધ્વયાત્રા કરવા માટે એમને મુક્ત રાખવા એ વધુ સારું છે. કોને માટે શું સારું છે તેની ખબર માત્ર ભગવાનને છે અને તેઓ એને એ જ આપે છે.''

❑ ◆ ❑

કિશનપુર : જુલાઈ, ૧૯૫૭

એક કૉલેજના આચાર્યસાહેબે વર્ણવેલી એક ઘટના : ''મારા ગામમાં, હું રહું છું ત્યાં એક અભણ માણસ શવાસનમાં કોઈક પ્રકારની ધ્યાનાવસ્થામાં સરકી જાય છે. એ અવસ્થામાં એ વેદપાઠ કરે છે અને આધ્યાત્મિક વિષયોની ચર્ચા કરે છે. ઘણીવાર તો આ બધું બે-બે કલાક ચાલે છે. એને પૂછવામાં આવેલા પ્રશ્નોના વિદ્વત્તાપૂર્ણ ઉત્તરો પણ એ આપે છે. પરંતુ જાગૃત અવસ્થામાં તો એને આમાંનું કશું જ યાદ નથી હોતું. એ એક સીધો-સાદો અભણ માણસ છે. એને આવી અવસ્થા પ્રાપ્ત થાય છે તેની પણ તેને કોઈ જાણ હોતી નથી. છતાં એ અવસ્થામાં જો આ બાબતની પૃચ્છા કરવામાં આવે તો એ કહે છે કે પોતે એક ઋષિ હતા. એક શિષ્યના કોઈ કુકર્મની શિક્ષા રૂપે પોતે એને બાળીને ભસ્મ કરી દીધો. બ્રહ્માજીએ એને શાપ આપ્યો. પરિણામે આવા અશિક્ષિત કુળમાં એનો જન્મ થયો, અને જ્ઞાન મેળવવાની અભિલાષા કે કામના તેનામાં જરા જેટલી યે નથી.'' પેલા આચાર્યસાહેબે કહ્યું કે ''ઋષિઓ એનો ઉપયોગ જગતને શિક્ષણ આપવાના માધ્યમ તરીકે કરે છે એવું મને લાગે છે.''

માતાજીએ આનો કોઈ સીધો જવાબ ન આપ્યો પરંતુ રહસ્યવાદી

મંડળીઓની વાત કરવા લાગ્યા. ''એક બહેને પોતાના મૃત પતિનો સંપર્ક પ્લેન્ચેટ દ્વારા કર્યો. એને સફળતા મળી હોય એવું લાગ્યું. એને આ ક્રિયા દ્વારા સંતોષ થયો. પરંતુ એને કોઈ બીજા જીવાત્મા દ્વારા છેતરાવાની સંભાવના સમજાવી અને આ ક્રિયા છોડી દેવા માટે આગ્રહપૂર્વક મનાવી લીધી.''

''બીજી એક વિધવાએ આ શરીરની સલાહ માની નહિ અને સપાટી પર ઠપ-ઠપ કરવાની ક્રિયા ચાલુ રાખી. એને એનું વધુ ને વધુ આકર્ષણ થતું ગયું. જે સામાન્ય રીતે માણસની પહોંચની બહાર હોય છે એવા પારલૌકિક જગતનો સંપર્ક થવાથી મિથ્યાભિમાન ઉત્તેજિત થાય અને પછી તેવું વ્યસન થઈ જવાથી તે વાત પડતી મૂકવાનું મુશ્કેલ બની જાય. ધીમે ધીમે તેને ચિત્તભ્રમની શરૂઆત થઈ અને અંતે તે સાવ જ ગાંડી થઈ ગઈ. મૃતાત્માઓનો સંપર્ક કરવામાં જોખમ છે કારણ કે સંપર્ક કરનાર એ લોકોના હાથમાં જઈ પડે છે.

''એક સાધુને એમ લાગે છે કે પોતાની અંદર પ્રસંગોપાત શ્રીકૃષ્ણની પ્રેરણા કે આવેશ જેવું આવે છે. કેટલાય લોકોને તેનામાં અગાધ શ્રદ્ધા છે અને એ લોકો દૃઢપણે એમ માને છે કે આ પ્રેરણા સાચી છે. એ અવસ્થામાં એ અધ્યાત્મવિષયક પ્રશ્નોના ઉત્તરો પણ આપે છે અને કાવ્યપાઠ કરે છે. એના ઉત્તરો બે જાતના હોય છે. કેટલાક ગીતાના તત્ત્વને, તેના સારને યોગ્ય રીતે સમજીને રજૂ કરે તેવા હોય છે અને કેટલાકમાં એવું નથી હોતું. આ શરીરે એને કહ્યું 'આ અવસ્થાઓથી તારામાં કોઈ જ પરિવર્તન ન આવે તો એ બધું શું કામનું? વળી, તું જે જવાબો આપે તે જો ક્યારેક સાચા ને ક્યારેક ખોટા હોય તો તને પ્રેરણા આપનાર કોણ છે એ તું ખાતરીપૂર્વક કઈ રીતે કહી શકે?''

એ જ ક્ષણે એક અજબ ઘટના ઘટી ! પેલો સાધુ જેના વિષે માતાજીએ હમણાં વાત કરી તે પંજાબની કોઈ દૂર દૂરના પ્રદેશમાંથી અણધાર્યો જ આવીને એ ઓરડામાં પ્રવેશ્યો.

❑ ◆ ❑

એક આયરીશ પત્રકાર અને એક બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સંશોધન કરતો દક્ષિણ ભારતીય વિદ્યાર્થી માતાજીના દર્શને આવ્યા. આ પ્રમાણે સંવાદ થયો :

પ્રશ્ન : ''તમે ભગવાન છો એમ માનવામાં હું સાચો છું?''

માતાજી : ''તેના સિવાય કશું છે જ નહિ. સર્વ પ્રાણીમાત્રમાં, પ્રત્યેક પદાર્થમાં તેઓ જ રહેલા છે, સઘળા એમનાં જ સ્વરૂપો છે. તમારું રૂપ ધરીને તેઓ જ અહીં દર્શન દેવા આવ્યા છે.''

પ્રશ્ન : ''તો પછી તમે કેમ આ જગતમાં છો?''

માતાજી : ''આ જગતમાં? હું તો ક્યાંય નથી. હું તો આત્મા છું અને આત્મસ્થ છું.''

પ્રશ્ન : ''તમારું કામ શું છે?''

માતાજી : ''મારે કોઈ કામ નથી. એક સિવાય બીજું છે જ નહિ પછી કામ કોને માટે કરવાનું?''

પ્રશ્ન : ''હું શા માટે આ જગતમાં છું?''

માતાજી : તેઓ તો અનંત રૂપે લીલા કરે છે. એમને આવી ક્રીડા કરવામાં, રમત રમવામાં મજા પડે છે.''

પ્રશ્ન : ''પણ હું, હું શા માટે આ દુનિયામાં છું?''

માતાજી : ''એટલે જ હું તમને કહ્યા કરું છું : બધું 'એ' જ છે, 'એ'ના અનંત સ્વરૂપે અનંત રીતે 'એ'ની ક્રીડા. છતાં તમારે માટે, તમારા આ ધરતી પર હોવાનો હેતુ શોધી કાઢવા માટે, ખરેખર તમે કોણ છો તે શોધી કાઢવા માટે અનેક પ્રકારની સાધના છે. તમે ભણો છો ને પરીક્ષા પાસ કરો છો, તમે દ્રવ્યોપાર્જન કરો છો ને દ્રવ્ય વાપરીને મજા કરો છો. પણ આ બધું તો તમે જ્યાં જન્મમરણના ફેરા ખાધા કરો છે અને એનું એ જ ચક્ર ચલાવ્યા કરો છો એવા મૃત્યુલોકની સીમામાં છો. તમારા સાચા સ્વરૂપની શોધ પ્રત્યે લઈ જનારો બીજો માર્ગ પણ છે, એ છે અમરતાનો માર્ગ, શાશ્વતનો માર્ગ.

પ્રશ્ન : ''આમાં મને કોઈ મદદ કરી શકે કે પછી પ્રત્યેકે જાતે જ પોતાનો માર્ગ શોધવો ઘટે?''

માતાજી : ''તમારામાં શીખવાની ક્ષમતા હોય તો ગુરુ તમને શીખવાડી શકે. એ તમને સહાય ચોક્કસ કરી શકે પરંતુ તમે પ્રતિસાદ આપી શકો તો, એ જ શીખવાડે તે શીખવાની તમારી ક્ષમતા હોવી જોઈએ.''

પ્રશ્ન : ''આત્મજ્ઞાન માટેનો ઉત્તમ માર્ગ કયો?''

માતાજી : ''બધા રસ્તા સારા. એ માણસના સંસ્કારો, એનાં જન્માંતરોથી સંચિત વૃત્તિ વલણો પર અવલંબે છે. એકના એક જ સ્થળે કોઈ વિમાનમાં જાય, કોઈ આગગાડીમાં, તો કોઈ વળી મોટર કે સાયકલ પર, એ જ રીતે ત્યાં પહોંચવાના ભિન્ન ભિન્ન માર્ગો, ભિન્ન ભિન્ન પદ્ધતિઓ જુદા જુદા પ્રકારના લોકોને અનુકૂળ આવે. પરંતુ આપણા ગુરુ દર્શાવે તે માર્ગ શ્રેષ્ઠ.''

પ્રશ્ન : ''પરમ તત્ત્વ જો એક જ હોય તો પછી જગતમાં આટલા બધા ધર્મો-પંથો શા માટે છે?''

માતાજી : ''તેઓ પોતે અનંત છે એટલે એમના સ્વરૂપ વિષેના ખ્યાલો પણ અનંત છે અને એમના સુધી જવાના માર્ગ પણ અનંત છે. જે કાંઈ પણ છે તે તેઓ સ્વયં છે. દરેક પ્રકારના મતો શ્રદ્ધા-ભક્તિ પણ તેઓ જ છે અને અશ્રદ્ધાળુની, નાસ્તિકની નાસ્તિકતા પણ તેઓ જ છે. તમારી નાસ્તિકતામાં શ્રદ્ધા એ પણ એક શ્રદ્ધા છે. જ્યારે તમે અશ્રદ્ધાની વાત કરો છો ત્યારે એનો અર્થ એ થાય છે કે તમે શ્રદ્ધાનો સ્વીકાર કરો છો. તેઓ સકલ સ્વરૂપમાં છે અને તેમ છતાં તેઓ નામ-રૂપથી પર, નિરાકાર છે.''

પ્રશ્ન : ''તમારા કથન પરથી મને એવું સમજાય છે કે સાકાર કરતાં નિરાકાર સત્યની વધુ નજીક છે એવું તમે માનો છો?''

માતાજી : ''બરફ એટલે પાણી નહિ તો બીજું શું? સાકાર સગુણ સ્વરૂપ એ પણ નિરાકાર નિર્ગુણ જેટલું જ એ પોતે. જો હું એમ કહું કે આત્મા એક જ છે અને સર્વ સ્વરૂપો ભ્રાંતિમૂલક છે, ભ્રમણા છે તો

એનો અર્થ એવો થાય કે નિરાકાર, એ સાકાર સ્વરૂપ કરતાં સત્યની વધુ નજીક. પરંતુ આ શરીર ઉદ્‌ઘોષણા કરે છે કે પ્રત્યેક સ્વરૂપ અને અરૂપ-નિરાકાર પણ 'તે' અને કેવળ 'તે' જ છે.''

પ્રશ્ન : ''જે લોકો કોઈ એક જ ધર્મ સાચો એવો હઠાગ્રહ કરતા હોય તેવાઓને તમારે શું કહેવાનું છે?''

માતાજી : ''બધા ધર્મો એના પ્રતિ લઈ જનારા માર્ગો છે.''

પ્રશ્ન : ''હું ખ્રિસ્તી છું.....''

માતાજી : ''હું પણ એ જ છું, ખ્રિસ્તી, મુસ્લિમ, તમને જે ગમતું હોય તે.''

પ્રશ્ન : ''મારે હિંદુ ધર્મ અંગીકાર કરવો જોઈએ કે પછી મારે ખ્રિસ્તીઓની રીતે જ પહોંચવાનું છે?''

મા : ''હિંદુ બનવાનું જો તમારે માટે નિર્માણ થયું હશે, નિયત હશે તો તે કોઈ પણ રીતે બનીને જ રહેશે. જે રીતે તમે એમ ન પૂછી શકો કે મોટર-અકસ્માત થશે તો શું થશે? જ્યારે અકસ્માત થાય ત્યારે ખબર પડે, તે રીતે.''

પ્રશ્ન : ''મને હિંદુ બનવાની સ્ફુરણા થતી હોય તો મારે એને સ્વીકારવી કે પછી તેનું દમન કરવું? કેમ કે જેને માટે જે સારું હોય ત્યાં તેનો જન્મ થાય એવું કહેવાય છે !''

માતાજી : ''તમને જો ખરેખર હિંદુ બનવાની તાલાવેલી લાગી હોય તો તમે ક્યારના હિંદુ બની ગયા હોત, પ્રશ્ન પૂછવા ન રહ્યા હોત.''

''આ પ્રશ્નની એક બીજી બાજુ પણ છે. તમે ખ્રિસ્તી છો એ સાચું, પરંતુ તમારામાં હિંદુનો પણ અંશ છે, નહિ તો તમને હિંદુ ધર્મનો જરા જેટલો ખ્યાલ પણ ન હોય. સર્વ કાંઈ સર્વ કાંઈમાં સમાવિષ્ટ હોય છે, વૃક્ષ બીજ આપે અને એક જ બીજમાંથી અનેકાનેક વૃક્ષોનો વિકાસ થાય. તેથી વૃક્ષમાં બીજ સમાયેલું છે અને નાનકડા બીજમાં સમગ્ર વૃક્ષની ક્ષમતાની સંભાવના સમાયેલી છે.''

પ્રશ્ન : ''મને સુખ કેવી રીતે મળે?''

માતાજી : ''પહેલાં મને એ કહી દો કે આ શરીર આદેશ આપે એ બધું કરવા તૈયાર છો? રાજી છો?''

પ્રશ્નકર્તા : ''હા, છું.''

માતાજી : ''ખરેખર? બહુ સારું. ધારો કે હું તમને અહીં મારી પાસે રહેવાનું કહું તો તે તમે કરી શકશો?''

પ્રશ્નકર્તા : ''ના, નહિ કરી શકું.'' (સહુનું હાસ્ય)

માતાજી : ''જુઓ, જે સુખ તમારા સિવાયના બહારના કોઈ પણ તત્ત્વ પર આધાર રાખે, પછી તે પત્ની હોય, સંતાનો હોય, ધન-સંપત્તિ હોય, પ્રતિષ્ઠા હોય, મિત્રો હોય કે કંઈ પણ હોય તે સુખ ક્ષણિક હોય, તે ટકી શકે નહિ. પરંતુ જે સર્વત્ર છે, સર્વમાં છે, સકલને આવરીને રહ્યું છે, તે - એટલે કે તમારો આત્મા-તેમાં સુખને શોધવાથી સાચું સુખ પ્રાપ્ત થશે.''

પ્રશ્ન : ''એટલે તમે એમ કહો છો કે મારા આત્માને શોધવામાં સુખ રહેલું છે?''

માતાજી : ''હા, તમારા સ્વની શોધ કરવી, તમે ખરેખર કોણ છો તેની ભાળ મેળવવી અર્થાત્ પરમાત્માને શોધી કાઢવા કેમ કે એમની બહાર તો કશું છે જ નહિ.''

પ્રશ્ન : ''તમે કહો છો કે બધા જ ભગવાન છે, પણ કેટલાંક લોકો બીજા કરતાં વધારે ભગવાન છે, એવું નથી શું?''

માતાજી : ''જે આવું પૂછે છે તેને માટે તેમ છે. પરંતુ ભગવાન ખરેખર તો સર્વત્ર પૂર્ણતયા બિરાજે છે, એટલા જ પ્રમાણમાં.''

પ્રશ્ન : ''તો મારામાં વ્યક્તિત્વ જેવું કંઈ છે જ નહિ? મારામાં શું એવો અંશ માત્ર પણ નથી કે જે પરમાત્મા ન હોય?''

માતાજી : ''ના. 'પરમાત્માનો અંશ ન હોય તેવું' પણ તમે જેને કહો છો તેમાં પણ 'તે' જ છે. બધું જ 'તે' છે, બધું 'તે' જ છે.''

પ્રશ્ન : ''તો પછી કોઈ સાંસારિક કાર્યો - નોકરી-ધંધો કરવા માટે કોઈ સાચું કારણ છે જ નહિ શું?''

માતાજી : "સાંસારિક કાર્યો સાથેનું અનુસંધાન ધીમા ઝેર જેવું કામ કરે છે. ધીમે-ધીમે, તમને ખ્યાલ પણ ન આવે તે રીતે એ મૃત્યુ ભણી દોરી જાય છે. હું મારી માતાઓને અને મારા પિતાઓને, મારા મિત્રોને - આત્મીય જનોને શું આવો માર્ગ લેવાની સલાહ આપું? એ તો હું ન કરી શકું. આ શરીર તો એમ કહે છે : અમરપંથની યાત્રા પસંદ કરો, તમારી પ્રકૃતિને અનુરૂપ કોઈ પણ એવા માર્ગે ચાલો જે તમને તમારા આત્માના સાક્ષાત્કાર પ્રતિ, તમારા સાચા સ્વરૂપ પ્રતિ લઈ જાય."

"છતાં પણ દુનિયામાં કામ કરતાં કરતાં પણ તમે એક વસ્તુ કરી શકો. આખા દિવસ દરમિયાન જે કંઈ કરો તે સેવા ભાવનાપૂર્વક કરો. પ્રત્યેકમાં પરમાત્માની સેવા કરો. પ્રાણીમાત્રને, પદાર્થમાત્રને તેનું સ્વરૂપ સમજીને તમે જે કંઈ કરો તે કાર્ય ભગવદ્ સેવાના ભાવથી કરો. તમે જો આવી વૃત્તિથી જીવશો તો સત્‌નો મારગ તમારી સામે આપોઆપ દેખાતો જશે."

❑ ◆ ❑

માની સહાય અને સલાહ માટે પત્ર લખનારા વિદેશી જ્ઞાનપિપાસુઓની સંખ્યા વધી જાય છે. નીચે આવા એક યુરોપિયન સાથેના પત્રવ્યવહારના અંશો આપ્યા છે.

પત્ર : "એક હતાશ થવાની અણી પર આવી ગયેલાની અરજ તમે સાંભળશો ? છેલ્લાં પાંત્રીસ વર્ષથી હું પરમાત્માને શોધું છું ને એ મને મળ્યો નથી. છેલ્લા પાંત્રીસ પાંત્રીસ વર્ષથી જગતના એકેએક ધર્મ પાસે જઈ જઈને મેં શાંતિ મેળવવા માટે પૃચ્છા કરી છે, પહેલાં યુરોપના ધર્મો પાસે ને પછી ભારતના. ભારતીય ગુરુઓને પણ મેં પ્રશ્નો પૂછ્યા છે પણ અફસોસ ! કોઈ કરતાં કોઈ મને જરા જેટલી મદદ કરી શક્યું નથી. હવે પાંત્રીસ વર્ષની આ મિથ્યા ખોજ પછી હું તો સાવ અસહાય, હતાશ થઈ ગયો છું."

"હું પૂછું છું કે આ ખોજને પરિણામે માણસ પાગલ થઈ જાય? કે પછી આત્મહત્યા કરે? હવે હું ગુરુઓ પાછળ દોટ મૂકી શકું એમ નથી, હું થાકી ગયો છું. મા આનંદમયી મારો છેલ્લો સહારો છે, હું આ

પ્રશ્ન પૂછું છું : મા આનંદમયી, હે આનંદસ્વરૂપ માતા, દિવ્યરૂપિણી મા, શુચિ સ્વરૂપા મા, તમે મારી વહારે ધાશો ?.... હું મા આનંદમયી જેવો શુદ્ધ-બુદ્ધ બનવા માગું છું. તમે તમારા બંધુ-બાંધવોનાં દુઃખડાં દૂર ન કરો તો તમે આ દુનિયામાં છો શા માટે?''

માતાજીનો ઉત્તર ''પરમાત્મા સર્વત્ર વ્યાપ્ત છે. એ સકલને આવરીને રહે છે. તમે માનો છો કે તમે વર્ષો સુધી જેની મિથ્યા ખોજ કરી છે તે સ્વયં તમારાથી અળગો નથી. માણસ જેમ માંસ, મજ્જા, અસ્થિ, રક્ત વગરનો હોઈ શકે નહિ તે જ રીતે તે એક સકલમાં, સર્વત્ર, નિરંતર છે જ, જે કંઈ છે તેની સાથે વણાયેલો, ગૂંથાયેલો.''

''એક મનુષ્ય પરમાત્માની ખોજમાં નીકળી પડ્યો છે - પરમાત્મા એને ક્યારેય પાછો ન કાઢે. પરમાત્મા તો તમારા પ્રાણ છે, તમારા પોતાના આત્મા છે, તમારા શ્વાસમાં શ્વાસરૂપ છે, તમારા જીવનમાં જીવનરૂપ છે, આત્મસ્વરૂપ છે. પોતાની જાતની, આત્માની, સાચા સ્વરૂપની પહેચાન ન થાય ત્યાં સુધી આ ખોજનારો કંઈ આરામ કરે નહિ, થાક ખાય નહિ. શોધવાથી હસ્તામલકવત્ એ તમારામાં જ મળશે. એમની પ્રાપ્તિ ન થઈ હોવાને કારણે આમ થાકી જવું, શ્રાંત-કલાંત થઈ જવું એ તો બહુ સારી નિશાની છે. ચિત્તશુદ્ધિ અને આંતરશુદ્ધિની પ્રક્રિયા પૂર્ણ થવા આવી છે એવું એ દ્વારા સૂચવાય છે.''

''પરંતુ આ શું? તમે આ શું કહો છો? એની શોધ કરતાં કરતાં તે કંઈ આત્મહત્યા કરવી પડે? જેમના નામમાત્રથી, જેમના ચિંતનથી મૃત્યુ પર વિજય મળે છે, મૃત્યુ તો ઇન્દ્રિયગમ્ય સુખોની ઇચ્છામાં પડવું એ જ કહેવાય, આત્મહત્યા અને એ ક્ષણે આત્મહત્યાનો વિચાર કરે તે કહેવાય, પાગલ. મનને આત્મહત્યાના વિચારમાં પડવા ન દો, એમ કરવું એ તો છે મહાપાપ. જેણે પાંત્રીસ પાંત્રીસ વરસ સુધી પરમની ખોજ કરી છે તેને માટે પાગલપનનો કે આત્મહત્યાનો વિચાર કરવો યોગ્ય નથી. એનું મન તો ભગવદ્સ્મરણમાં હોવું જોઈએ.''

''સર્જનહારની સૃષ્ટિમાં હર હંમેશ સંભવ અસંભવ બને છે, અને અસંભવ સંભવ આ વાત સિદ્ધ કરવા માટે સતત સત્ સ્વરૂપનું સ્મરણ

રહેવું જોઈએ. આ નાનકડી બાલિકા તો ખરેખર તમારી સાથે છે.''

''એને લખો કે અત્યારે તો તેમને માટે એકાગ્રતાપૂર્વક એક જ લક્ષ્ય પર એકચિત્ત રહેવું અનિવાર્ય છે. એમણે એકાંતમાં રહેવું જોઈએ, જપ અને ધ્યાન દ્વારા મનને વશ કરીને તે દ્વારા પોતાના સંકલ્પમાં દૃઢ, ધીર અને સ્થિર થવું જોઈએ.''

❑ ◆ ❑

૧૯૫૩ના જાન્યુઆરીની તેરમી તારીખથી ફેબ્રુઆરીની બીજી સુધી માતાજી અલ્હાબાદના કુંભમેળામાં રોકાયાં. પહેલી ફેબ્રુઆરીએ મેં આ પ્રમાણે નોંધ કરી છે.

પ્રશ્ન : ''માંસાહાર કરવો યોગ્ય છે કે કેમ?''

માતાજી : ''જે આહાર તમારી સાધનામાં સહાયભૂત થાય તે લેવો જોઈએ અને વ્યવધાનરૂપ થાય તેને તજવો જોઈએ.''

પ્રશ્ન : ''પરંતુ માંસ તો તામસિક છે.''

માતાજી : ''હા, એમ જ ! તેથી જ મેં જે કહ્યું તે કહ્યું. તમે પોતે બુદ્ધિથી એ બધું વિચારી શકો છો.''

પ્રશ્ન : ''જ્યારે મનુષ્ય ખાવા માટે હત્યા કરે ત્યારે એની અવળી અસર ન પડે શું?

માતાજી : ''પડે જ.''

પ્રશ્ન : ''પ્રાણીના બલિદાનનું શું? એ તો શસ્ત્રોક્ત છે.''

માતાજી : ''શાસ્ત્રોના આદેશોમાંના વિધિનિષેધોમાં આ શરીર કંઈ બોલતું નથી, પરંતુ એટલું સમજી લેજો કે પશુબલિનો અર્થ પશુઓનો બલિ આપવો એવો નથી થતો પરંતુ પોતાનામાં રહેલી પાશવી વૃત્તિઓનો બલિ આપવો એવો થાય છે.''

❑ ◆ ❑

પ્રશ્ન : ''પૂજાનો હેતુ અથવા ફળ શું?''

માતાજી : ''પૂજા કરતી વખતે જે કોઈ દેવી-દેવતાની પૂજા હોય

તેને અનુલક્ષીને અમુક ચોક્કસ આસનો, મુદ્રાઓ, બીજમંત્રો વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. પૂજા એટલા માટે કરવામાં આવે છે કે પછી સાચી પૂજા સહજ થાય, જે રીતે સંન્યાસ લેવાનો હેતુ એ છે કે સાચો સંન્યાસ આપોઆપ અનુભવાય, ખરેખર વિરક્તિ આવે. તો હવે સાચી પૂજા કરવી એનો અર્થ શો? જેની પૂજા કરીએ તેને સંપૂર્ણપણે સમર્પિત થઈ જવું. જ્યારે આમ બને ત્યારે તેને યોગ્ય આસન, મુદ્રાઓ વગેરે આપોઆપ થવા લાગે. પૂજાનો હેતુ છે પૂજાપાત્રનો, ઈષ્ટનો સાક્ષાત્કાર કરવો. જ્યારે તમારું સમર્પણ, તમારી ભક્તિ, સંપૂર્ણ બને ત્યારે તેઓ સ્વયં પોતાને પ્રકાશિત કરે છે, પ્રકટ કરે છે. એમને શોધી કાઢવા એટલે પોતાની જાતને શોધી કાઢવી અને પોતાની જાતને શોધી કાઢવી એટલે એમને શોધી કાઢવા. એમ કહેવાય છે કે જેની પૂજા કરીએ તેની સાથે એકરૂપ થવાય તો સાચી પૂજા થઈ શકે. આમ, પૂજાનો હેતુ અને ફળ એ છે કે જેની પૂજા થાય તેની સાથે પૂજા કરનાર સ્વયં એકરૂપ થઈ જાય. જેનું નામ વારંવાર જપાય છે તેના સત્વનું પ્રકાશમાં આવવું, પમાવું એ છે પૂજાનો હેતુ. તો અને તો જ જપનું ફળ મળે. ઉદાહરણરૂપે જોઈએ તો રામના જપ કરવાનો હેતુ રામનું જે સ્વરૂપ છે તેનો સાક્ષાત્કાર કરવાનો છે. આ જ કૃષ્ણ, શિવ, દુર્ગા વગેરે કોઈ પણ દેવીદેવતાના જપ માટે એટલું જ સાચું છે."

પ્રશ્ન : "સ્ત્રીઓથી સિદ્ધાસન કરી શકાય?"

માતાજી : "જ્યારે આ શરીરે સાધનાનો ખેલ ખેલ્યો ત્યારે સિદ્ધાસન સહજ થતું હતું. સ્ત્રી-પુરુષ કોઈ પણ એ કરી શકે. જ્યારે આસન સહજ થાય, આપોઆપ થાય, અર્થાત્ એ અમુક પ્રકારની મનઃસ્થિતિની અભિવ્યક્તિરૂપે થાય, ત્યારે એ એકદમ બરાબર થાય. બીજા શબ્દોમાં કહીએ તો પગ, પંજા, હાથ, મસ્તક અને દૃષ્ટિની સ્થિતિ - તેની નાનામાં નાની વિગત પણ બરાબર જેવી હોવી જોઈએ તેવી થાય. જ્યારે ઈચ્છાપૂર્વક કરેલા એકપણ આસનમાં એવી સંપૂર્ણતા ન આવે. આસનનો સીધો સંબંધ કરનારની શ્વસનક્રિયા સાથે અને એક ચોક્કસ નિશ્ચિત સમયે અમુક મનઃસ્થિતિમાં લેવાયેલા શ્વાસ સાથે છે. આસનો જો યોગ માટે એટલે કે જે એક છે, શાશ્વત છે, એવા તત્ત્વની સાથેના યોગના (જોડાણ) પ્રાકટ્ય

માટે કરવામાં આવે તો જ એનું ઇચ્છિત પરિણામ પ્રાપ્ત થાય, નિર્ધારિત ફળ મળે. બીજી બાજુ, જો આસનો કેવળ શારીરિક કસરત તરીકે કરવામાં આવે તો સ્વાસ્થ્ય અને તંદુરસ્તી પ્રાપ્ત થાય પરંતુ યોગ નહિ, પરમ સાથેનું સાયુજ્ય નહિ.''

''જ્યારે કોઈ યોગ માટે જ આસન કરતું હોય અને તેમાં પૂર્ણ કુશળતા મેળવે, તો તે આસનનો સાર, તેનું તત્ત્વ, તેની પાસે પૂર્ણપણે પ્રકાશિત થાય; તો તેને થાય : 'મેં આટલું સિદ્ધ કર્યું પણ તેથી શું? આ કંઈ મારું અંતિમ લક્ષ્ય નથી.' આવી ચિત્તસ્થિતિને વૈરાગ્ય કહે છે. ઉત્તરોત્તર તે પછીની ભૂમિકાઓ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરવાની પ્રેરણા મળે. જરા પણ થાક્યા વિના લક્ષ્ય સુધી ન પહોંચાય ત્યાં સુધી આ પુરુષાર્થ અવિરત ચાલુ રહે તો અંતિમ સ્થિતિ પ્રાપ્ત થાય છે. આ સિવાયનાં વૃત્તિવલણો હોય તો કોઈ એક સ્થિતિમાં લાંબો સમય સ્થગિત થઈ જવાય એવું બને. હઠયોગની સાથેસાથે રાજયોગ પણ કરવો જોઈએ, નહિ તો આસનો કેવળ કસરત બનીને રહી જાય છે.''

❑ ◆ ❑

અલ્હાબાદ : ફેબ્રુઆરી ૨, ૧૯૬૦

અલ્હાબાદ યુનિવર્સિટીના એક ચીની પ્રાધ્યાપકે આ પ્રશ્ન પૂછ્યો : ''એક વાર એક અંધારા ઓરડામાં ધ્યાન કરતાં કરતાં મને એમ લાગ્યું કે ઓરડો ચંદ્રપ્રકાશથી ભરાઈ ગયો છે. મેં આંખ ખોલી તો ઓરડો એવો ને એવો અંધારઘેર્યો હતો. તો મને દેખાયેલા ચંદ્રપ્રકાશને હું કઈ રીતે સમજાવું?''

માતાજી : ''પ્રકાશનાં દર્શન થવાં એ સારી નિશાની છે. માર્ગમાં પ્રકાશ ન ફેલાય ત્યાં સુધી કંઈ પણ દેખાય કઈ રીતે? ભૌતિક વિશ્વમાં જેમ પ્રકાશ વિના કંઈ સ્પષ્ટ થઈ શકે નહિ તે જ રીતે. અત્યારે બહાર પ્રકાશ છે ને અંદર અંધકાર. જ્યારે અંદર પ્રકાશ થાય છે ત્યારે બહારનો પ્રકાશ ઝાંખો પડી જાય છે. ફિક્કો લાગે છે અને સંતોષ આપી શકતો નથી. આપણે આ વૃક્ષ જોઈએ છીએ, પરંતુ એનાં મૂળિયાંને જોઈ જાણી

શકતા નથી કેમ કે એ તો ધરતીમાં છૂપાયેલાં છે. એમ જ આપણે પ્રકૃતિને જોઈએ - જાણીએ છીએ, પરંતુ એના ઉદ્‌ભવસ્થાન વિષે કંઈ જાણતા નથી. જે કંઈ દેખાય છે તેનાં મૂળિયાં અંદર સંતાયેલાં હોય છે. આપણે વૃક્ષને જોઈએ છીએ પરંતુ જે બીજમાંથી એ પ્રકટ થયું એને જોવામાં નિષ્ફળ જઈએ છીએ પરંતુ જ્યારે વૃક્ષ સંપૂર્ણપણે વિકસે છે ત્યારે એવાં જ બીજ ઉત્પન્ન કરે છે. બીજને જોઈએ ત્યારે આપણે માત્ર બીજને જ જોઈએ છીએ પણ એમાં વિકાસની અનંત શક્યતાઓ સમાયેલી છે. અનેકમાં એક સમાવિષ્ટ છે અને એકમાં અનેક-અનંત. જ્યારે આંતરવિશ્વ પર પ્રકાશ પડે છે ત્યારે બહિર્વિશ્વ દેખાતાં જગતનું મહત્ત્વ સાવ ઘટી જાય છે. નહિવત્ થઈ જાય છે. છતાં એ અવસ્થામાં પણ અંદર અને બહાર વચ્ચે ભેદ પાડવાની સમજણ શેષ રહી છે, પરંતુ એવી અવસ્થા, એવી સ્થિતિ પણ આવે છે જ્યારે બાહર-ભીતરના ભેદ રહેતા નથી, જ્યારે બધું જ એક સમગ્ર પૂર્ણ અખંડ-મંડલાકાર દેખાય છે.''

❑ ◆ ❑

વિંધ્યાચલ : ફેબ્રુઆરી ૧૯, ૧૯૬૦

ભારતના પ્રવાસે આવેલાં એક યુવાન ફ્રેન્ચ સન્નારીએ વારાણસીની મુલાકત લીધી. એ માતાજી વિષે કંઈ જ જાણતાં ન હતાં, નામ પણ સાંભળ્યું ન હતું. કેન્ટોનમેન્ટમાં જે મોટી હોટલમાં તેઓ ઊતર્યા હતાં ત્યાં માતાજીના એક ભક્તને આકસ્મિક મળવાનું થયું. એમણે આ ફ્રેન્ચ મહિલાને માતાજીનાં દર્શન કર્યા વિના ભારત દેશમાંથી પાછાં સ્વદેશ ન જવાની સલાહ આપી. એ ટેક્સી કરીને માત્ર બે કલાક માટે વિંધ્યાચલ આવ્યાં. આ છે તેમના માતાજી સાથેના વાર્તાલાપનો એક અંશ :

પ્રશ્ન : ''મા-બાપની ઈચ્છા પ્રમાણે કરવું એ આપણું કર્તવ્ય છે કે પોતાની સમજણ પ્રમાણે જીવવું એ?''

માતાજી : ''જો સત્યની શોધમાં જીવન સમર્પિત કરેલું હોય, પરમને અર્થે જિવાતું હોય, તો બીજા કશાનો વિચાર કરવાની આવશ્યકતા નથી.''

પ્રશ્ન : ''હું ચોક્કસપણે એ જ પ્રકારના જીવનની વાત નથી કરતી.

હું તો સૈદ્ધાન્તિક રીતે પૂછું છું. મારે મારાં મા-બાપની ઇચ્છાને માન આપવું કે મારે મારી રીતે જીવવું જોઈએ?''

માતાજી : ''મેં તો તમને કહી દીધું; આ શરીર તો અંતિમ લક્ષ્યની, પરમની ખોજની વાત કરે છે. આવી ખોજ કરનાર બે પ્રકારના હોય છે. એક, જેણે આ ખોજમાં જીવનને પૂરેપૂરું સમર્પિત કર્યું છે એવો, ને એને બીજું કોઈ કર્તવ્ય નથી. બીજાને એવું જીવન જીવવું ગમે, પરંતુ ઘણાં વિઘ્નો હોય. તમે આત્મસાક્ષાત્કારના માર્ગના યાત્રી બનવા માગતાં હો પરંતુ મા-બાપને છોડવા બદલ અંતરાત્મા ડંખતો હોય તો તમારા વિચારો ફરી ફરીને ત્યાં જ જશે અને તમે ધ્યાન કરી શકશો નહિ. આ પાર કે તે પારનો ચોક્કસ નિર્ણય લેવો જ પડે. એમ કર્યા પછી પણ સંકટો, વિઘ્નો તો ક્યારેક આવશે, પરંતુ જો દૃઢ નિર્ણય લીધો હોય તો, તેમાંથી પાર ઊતરી શકાય. પરંતુ જો બે બાજુનું ખેંચાણ રહેતું હોય તો આગળ વધી શકાય નહિ.''

પ્રશ્ન : ''મને ક્યારેય સુખ-શાંતિ મળશે?''

માતાજી : ''પરમના પંથે પ્રયાણ કરે એને સુખ-શાંતિ મળે, આ સંસારને રસ્તે ક્યારેય ન મળે, જ્યાં થોડુંક અમથું સુખ મળે તો પણ પાછળ પાછળ તેની છાયારૂપ દુઃખ આવતું જ હોય છે.''

છૂટા પડતી વખતે તે યુવતીએ માને કહ્યું ''આ દિવસ હું ક્યારેય વિસરીશ નહિ અને તમે મને જે કહ્યું તે પણ હું ક્યારેય ભૂલીશ નહિ.''

માતાજી : ''ભૂલીશ નહિ એમ? એટલે પૂરતું નથી. તમારે ધ્યાન કરવું જોઈએ. તમારા ધર્મમાં બતાવેલી પદ્ધતિ પ્રમાણે રોજ ઓછામાં ઓછું પાંચ મિનિટ ધ્યાન કરો. પાંચ મિનિટથી ઓછી નહિ પરંતુ જેટલો વધુ સમય આપી શકાય એટલું વધુ સારું. ચોવીસ કલાકમાંથી દરરોજ પંદર મિનિટ ધ્યાનમાં ગાળો, પછી ભલે ગમે તેવી જિંદગી ગાળવાનું તમે પસંદ કરો, અને તમારી આ બહેનપણીને, સખીને ભૂલતાં નહિ ! આ તમારી સખી છે, કંઈ પણ કરતાં પહેલાં બરાબર વિચાર કરો, વગર વિચાર્યું વર્તન કરવાથી પછી પાછળથી પસ્તાવું પડે છે.

❑ ◆ ❑

સત્સંગ દરમિયાન અંધજનો માતાજીની સાથે વાત કરવા આવ્યા. એકે પૂછ્યું; ''મને ભગવાન કઈ રીતે દેખાય? મને સહેલામાં સહેલી રીત બતાવો.''

માતાજી : ''એમની એમને પોતાને માટે ખોજ કરો.''

અંધજન : ''ભક્તિમાર્ગ વધુ સારો કે જ્ઞાનમાર્ગ.''

માતાજી : ''ભગવાનના નામને પકડો. દિવસરાત એમના નામનું રટણ કરો અને એની મધુરતામાં લીન થઈ જાવ.''

પ્રશ્ન : ''મારે આંખો હતી ત્યાં સુધી તો હું અનેક પુસ્તકોનું વાચન કરતો; પરંતુ હવે એ અશક્ય છે. મને સમજણ કેવી રીતે મળશે?

માતાજી : ''ભગવાન પ્રત્યે કેન્દ્રિત થવાથી તેઓ પોતે જ તમને બધી સમજણ આપશે.''

બીજો અંધજન : ''માતાજી મને તમારા આશીર્વાદ આપો.''

માતાજી : ''ભગવાનને પ્રાર્થના કરો. આશીર્વાદનો અનુભવ થશે !''

શ્રોતાગણમાંથી એક બહેન : ''તમે કહો છો કે ભગવાનની એમને પોતાને માટે ખોજ કરો. જો હું મારા સ્વાર્થ માટે એમને શોધું તો શું તેઓ મને ન મળે ?''

માતાજી : ''કોઈ પણ હેતુથી એમને ખોજવાથી તમને એની ઝલક તો મળશે જ અને જે સાંસારિક કામના કરી હશે તે પણ મળશે જ. છતાં દુનિયાની કોઈ વસ્તુ પ્રાર્થવા યોગ્ય નથી. કોઈ આ કે તે હેતુ માટે નહિ પરંતુ એમને માટે જ એમને શોધો. આધ્યાત્મિક ઉન્નતિની કામના માટે પણ નહિ, કેમ કે તે પણ નિઃસ્વાર્થ તો નથી જ. એમને શોધી કાઢવાનો તમારો સ્વભાવ છે, માટે એમને શોધો. તમે એમના વિના જીવી શકો એમ નથી માટે એમને શોધો. ક્યારે અને કેવી રીતે તેઓ તમારી સામે પ્રકટ થશે એ એમના હાથમાં છે. એમને અનવરત આગ્રહપૂર્વક પોકારો, બીજા કશામાં તમારી શક્તિ વેડફો નહિ. સરખામણી કરવી અને

તર્ક લડાવવા યોગ્ય નથી. 'અમુક વ્યક્તિ વર્ષોથી સાધના કરે છે અને છતાં ક્યાંય પહોંચી નથી' એમ કહેવું બરાબર નથી. કોઈની અંદર શું થાય છે તેની ભાળ તમને શી રીતે મળે? ક્યારેક એવું બને કે સાધના કરતાં કરતાં કોઈ વ્યક્તિમાં સારાને બદલે કંઈક ખરાબ પરિવર્તન આવેલું દેખાય. એનામાં કોઈ અનિચ્છનીય વૃત્તિ-વલણો છૂપાયેલાં હોય અને આધ્યાત્મિક પુરુષાર્થને કારણે પ્રકાશમાં આવ્યાં હોય એવું કેમ ન હોઈ શકે? 'મેં તો બહુ સાધના કરી, પણ કંઈ પરિવર્તન આવ્યું નહિ' એવું વલણ પણ બરાબર નથી. તમારે તો એમને પળેપળે થાક્યા વિના પોકારવાના, એટલું જ તમારે કરવાનું, ફળની અપેક્ષા નહિ રાખવાની. જે લાખોમાં એક અંતે સફળ થાય છે તે પરમ ભાગ્યવાન તમે નહિ હો એવું કોઈ કહી શકે?''

પ્રશ્ન : ક્યારેક એવું લાગે કે સફળતા મળતી નથી ત્યારે ખૂબ હતાશ થઈ જવાય છે.''

માતાજી : ''તમારે ઇચ્છા-આકાંક્ષાઓ હોય અને તે અપૂર્ણ રહે ત્યારે હતાશાનો અનુભવ થાય પણ એમને માટે જ એમને ઝંખતા હોઈએ તો હતાશાનો અનુભવ કેવી રીતે થાય?''

❑ ◆ ❑

કિશનપુર : જુલાઇ ૨૨, ૧૯૬૦

વાતચીત દરમિયાન માતાજી બોલ્યાં ''સંસારનાં જે કંઈ સુખ માણસ ભોગવે, જેમ કે સરસ ભોજન કે પછી કંઈ પણ, તેમાં તેનાં સંચિત થયેલાં પુણ્યો વપરાય છે, તે હંમેશાં યાદ રાખો. તેથી પ્રતિક્ષણ નામ-સ્મરણ કરવું તે અને જે કંઈ આવી પડે તેનો ઉપભોગ ભગવાનનું દીધેલું છે તેમ માનીને કરવો તે પ્રશંસનીય છે, તે જ રીતે જે કંઈ દુઃખ-કષ્ટ વેઠવાં પડે તેનાથી સંચિત થયેલાં પાપનો ક્ષય થાય છે.'' પછી માતાજીએ નીચેની કથા કહી.

''એક અત્યંત ધનવાન માણસ પોતાની સંપત્તિ પોતાના પુત્રને આપીને ગુજરી ગયો. કાયમ માટે પોતાની આંખો બંધ કરતાં પહેલાં એ

પોતાના પુત્રને કહી ગયો કે એની હાલત ક્યારેય પણ બહુ ખરાબ થઈ જાય, એ સાવ નિઃસહાય નિર્ધન બની જાય ત્યારે તેણે ઘરમાં એક ખાસ કબાટ છે તે ઉઘાડવું, પરંતુ તે સિવાયના સંજોગમાં ક્યારેય તે કબાટ ઉઘાડવાનું નથી.''

''પુત્ર તો સાવ ઉડાઉ હતો. થોડા સમયમાં એણે પોતાનો ખજાનો સાવ ખાલી કર્યો. એની પાસે રાતી પાઈ પણ ન રહી, ઘરમાં ખાવા-પીવાનાંયે સાંસા પડવા લાગ્યાં. બીજી બધી મુશ્કેલીઓ ઉપરાંત ઘરમાં માંદગી પણ હતી. એને પેલું કબાટ યાદ આવ્યું. એણે જેમ તેમ કરીને માંડ માંડ તે કબાટ ઉઘાડ્યું. એ તો સાવ ખાલીખમ હતું. તે જોઈને એને જબરી નિરાશા થઈ. એ સાવ સામાન્ય કાળું કબાટ હતું. તેથી તેણે એ બહાર ફળિયામાં ફેંકી અને ઘરમાં બધે છુપાયેલા ખજાનાની શોધમાં ખોદવા માંડ્યું પણ નિષ્ફળ ! નિરાશ થઈને, તેણે અંતે એક મહાત્માનું શરણ લીધું. તેમની સલાહ માગી. મહાત્મા તેના ઘરમાં આવીને શું થઈ શકે તેમ છે તે જોવા માટે કબૂલ થયા. આવીને એમણે આજુબાજુ નજર કરી અને પછી કહે; ''મને કાળા કબાટની પાસે બેસવાની વ્યવસ્થા કરી આપો.'' એમણે બેસીને એ જૂના રાચમાંથી વાર્નિશ ઘસીને ઉખાડવા માંડ્યું. અને જુઓ તો ખરા, એ તો સોનાનું બનેલું હતું! એ જ રીતે'', માતાજીએ અંતે કથાનો સાર તારવતાં કહ્યું, ''સુવર્ણ તો હૃદય-કમળના સિંહાસન પર પરમાત્મા બિરાજે છે ત્યાં, આપણી અંદર, ગુપ્તપણે રહેલું મળી આવે છે, પરંતુ સંપૂર્ણપણે રિક્ત થઈ જવાય, ખાલીખમ થઈ જવાય પછી જ એ મળે.''

❑ ◆ ❑

કિશનપુર : જુલાઈ ૧૧, ૧૯૬૦

માતાજીના દર્શનના સમય દરમિયાન કોઈએ પૂછ્યું : ''ભગવાન સતત સ્મરણમાં કઈ રીતે આવે? સત્સંગ કરવાથી અને ભગવદ્‌કથા સાંભળવાથી?''

માતાજી : ''કેટલાકને માટે ભગવદ્‌સ્મરણ સાવ સરળ, સહજ સ્ફૂરિત

હોય છે, એ લોકો એના વિના રહી શકતા નથી. એ રીતે એ લોકો પરમાત્માની સાથે સત્સંગ કરે છે. જ્યારે નામજપ કે મંત્રજપ કરવામાં આવે ત્યારે એ પોતે એ નામ કે મંત્રરૂપે ઉપસ્થિત હોય છે, એ ધ્યાનમાં રાખવું જોઈએ. કેટલાક લોકો કહે છે કે એ લોકો 'રામ રામ' કર્યા કરે છે પણ કાંઈ વળતું નથી. જેવો ભાવ તેવો લાભ. કઈ ક્રિયાથી કેટલો લાભ થશે તેનો આધાર કરનારની સચ્ચાઈ અને ખરા હૃદયની ઝંખના પર છે. કીર્તન, સત્સંગ, શાસ્ત્રોનું શ્રવણ વગેરે તો ભગવદ્સ્મરણને સતત પ્રજ્વલિત રાખવા માટેનાં સાધનો છે. કોઈ જ્યારે એમને વિષે બોલે છે અથવા એમની સ્તુતિનું ગાન કરે છે ત્યારે તેઓ સ્વયં ઉપસ્થિત હોય છે.''

❑ ◆ ❑

એક યુરોપિયન સ્ત્રીનો પતિ થોડા સમય પહેલાં જ અવસાન પામ્યો હતો, તેણે માને લખ્યું; ''મા, તમે મને કહ્યું છે : 'પતિ એ ગુરુ છે.' હવે મારા પતિ તો મૃત્યુ પામ્યા છે અને મને એના વિના સાવ સૂનું લાગે છે. તો હું શું કરું?''

મા એ જવાબમાં લખાવ્યું : ''પતિદેવ જે ગુરુ છે તેનું ક્યારેય મૃત્યુ થતું નથી. પતિનો ગુરુ તરીકે વિચાર કરો.''

❑ ◆ ❑

કિશનપુર : ઓક્ટોબર ૯, ૧૯૬૦

એક ફ્રેન્ચ મહિલા માતાજી સાથે થોડાક સપ્તાહ ગાળવાના એકમાત્ર હેતુથી વિમાનમાં છેક પૅરિસથી આવ્યાં હતાં. તેમના પૂછેલા પ્રશ્નો :

''તમે કહો છો કે સઘળું ભગવાનની લીલા છે; તો પછી મનુષ્યની સ્વતંત્રતાને ખાસ અવકાશ રહેતો નથી. આપણે તો જાણે કે કઠપૂતળી અને દોરીસંચાર એના હાથમાં ! બીજી બાજુ તમે કહો છો કે જગત એટલે જે સતત ગતિશીલ છે તે, અને જે સતત ગતિશીલ છે તેને બાંધી શકાતું નથી; તેથી એ તો સ્વતંત્ર-મુક્ત જ છે. આ બે વિધાનોમાં પરસ્પર વિરોધ આવે છે. એક વ્યક્તિને સ્વાતંત્ર્ય છે ખરું? કેટલું? આપણને કંઈ નહિ

તો પ્રતિક્ષણ દુન્યવી વિકાસ કરવો કે પરમના પંથે આગળ વધવું એ બેમાંથી પસંદગી કરવા જેટલું સ્વાતંત્ર્ય છે કે નહિ?''

માતાજીએ વિગતવાર અને આપણામાં સમજણનો પ્રકાશ થાય એવો ઉત્તર આપ્યો. તેનો સાર આ પ્રમાણે છે :

માતાજી : બધી પરમાત્માની લીલા છે. તમને આની ખબર નથી એટલે તમે પ્રશ્નો પૂછો છો અને તમારા પ્રશ્નો પણ એમની લીલાનો એક ભાગ છે. જગત એટલે ગતિ અને જીવ એટલે બંધન. બંધન કેવળ ક્ષણિક છે કેમ કે એ તો આ સતત ગતિશીલ જગતનું છે. તમે તમારો ઓરડો વાસીને તાળું મારીને જતાં રહો પરંતુ એ તાળું કાયમી નથી અને એ બારણું પણ કંઈ કાયમ રહેવાનું નથી. પ્રત્યેક જીવ ખરેખર તો શિવ છે. જ્યારે પરમાત્મા પ્રત્યે ગતિ થતી હશે ત્યારે જગત ભણી વળવું મુશ્કેલ થશે અને જગતમાં હશો ત્યારે પરમાત્મા પ્રત્યે વળવું મુશ્કેલ પડશે.''

'જીવની સ્વતંત્રતાનું શું?' માતાજીએ શાસ્ત્રોમાં કુશળ એવા એક યુવાન સંન્યાસીને આ મુદ્દા પર શાસ્ત્રોના અભિપ્રાય જણાવવા કહ્યું, સંન્યાસી કહે, ''શાસ્ત્રો કહે છે કે જીવની સ્થિતિ લાંબા દોરડા વડે ખીલે બાંધેલી ગાય જેવી છે. ગાય ખીલાથી વધુ દૂર જઈ શકતી નથી પણ દોરડું જેટલે લાંબે જાય એટલે લાંબે એ જઈ શકે છે.''

માતાજી : ''આ ખરેખર સુંદર ઉપમા છે. પરંતુ એક વાત કહેવી પડશે. જો જીવ પોતાની બધી જ સંકલ્પ-શક્તિ પોતે જે કંઈ કરવા ધારે તેમાં વાપરે તો તેનો સંપર્ક મહાશક્તિ-પરમશક્તિ સાથે થાય. - અને પછી? - પછી તો સીમા ક્યાં રહી? બંધન ક્યાં રહ્યું? એક નાનકડા નાજુક છોડને ઇંટનો ક્યારો કર્યો હોય કે તેની આજુબાજુ કોઈક પ્રકારની વાડ કરી હોય તેનો વિચાર કરો. એ જ્યારે મજબૂત વૃક્ષ બની જાય ત્યારે બધાં બંધનોને વટાવીને એ એનાથી ક્યાંયે દૂર મુક્ત ગગનમાં વિસ્તરે છે. ક્યારેક એવું પણ બને કે ગાય ખીલો ઉખેડી કાઢે અને ખીલો, દોરડું બધુંયે લઈ નાસી જાય. ક્યારેક ગુરુ તમારા બંધન કાપે એમ પણ બને.''

❑ ◆ ❑

એક ફ્રાન્સનિવાસિનીને આજે માતાજીના એક વચનનો અર્થ જાણવો હતો 'વિપદ દિયે તિનિ વિપદહરન કોરેન' (દુઃખ દઈને તેઓ દુઃખનું હરણ કરે છે) કેમ કે આ વચનને અનેક રીતે સમજી શકાય છે.

માતાજી : "તો પહેલાં તમારા અભિપ્રાય મુજબ એ અનેક અર્થોની કઈ કઈ સંભાવનાઓ છે તે સાંભળી લઈએ."

પ્રશ્નકર્તા : "જીવ હોવું એ પોતે જ કષ્ટપ્રદ છે, કેમ કે એનો અર્થ થાય છે એ એકનો વિરહ, એનાથી જુદા પડવું તે. પરંતુ સાંસારિક સુખોમાં ડૂબેલા મનુષ્યને પોતાના આ દુઃખની કોઈ સભાનતા નથી. તેથી, એના આ જન્મજાત દુઃખની સભાનતા પ્રત્યે તેને જાગૃત કરવા માટે પરમાત્મા વિપત્તિ અને વેદના મોકલે છે."

માતાજી : "હા ! સાચી વાત. જુઓ ને, આ સંસારનું સુખ તો હંમેશાં ક્ષણિક હોય છે અને તેથી તમે શાશ્વત સુખની શોધ કરો છો. તમે બીજા કયા અર્થો વિચાર્યા ?"

પ્રશ્ન : "સર્વનાશને અટકાવવા માટે એ આપત્તિને મોકલે છે."

માતાજી : "આવું ખરેખર ઘણીવાર બને છે, મોટી દુર્ઘટના બનવાની હોય પરંતુ નાનકડી દુર્ઘટના દ્વારા એ અટકી જાય. વળી જે કંઈ સહન કરવાનું નસીબમાં માંડેલું હોય તે સહન કર્યે છૂટકો. પરંતુ તે ભોગવાઈ જાય ત્યારે પૂરું થઈ જાય. આ દૃષ્ટિએ જોતાં પણ સહન કરવું સારું છે. વળી કોઈ મહાન વિપત્તિ આવે ત્યારે આપોઆપ ભગવદાભિમુખ થવું પડે છે કેમ કે આવી મોટી વિપદાનો સામનો કરવા માટેની પોતાની સંપૂર્ણ અક્ષમતાનો અનુભવ થાય છે. પરમાત્માના અસ્તિત્વમાં શંકા હોય તો પણ આવી ગંભીર આપત્તિને સમયે આપોઆપ પ્રાર્થના શરૂ થઈ જાય છે."

શ્રોતાગણમાંથી : "માતાજી, મને એક સાંભળેલી વાત યાદ આવે છે. એક હોડીમાં કેટલાક લોકો પ્રવાસ કરતા હતા. હોડી ડૂબવાની અણી પર હતી. એક પ્રવાસી ભગવાનમાં માનતો ન હતો. તેણે કહ્યું, 'જો ભગવાન હો તો આપણને આમાંથી બચાવો !' હોડી ડૂબી નહિ."

માતાજી : "મને પણ આના પરથી એક બીજી વાત યાદ આવે છે. શ્રી મોદીએ મને વાત કરેલી. તેઓ પોતે એકવાર વિમાનમાં મુસાફરી કરતા હતા. વિમાનમાં યાંત્રિક ખામી ઊભી થઈ. પ્રવાસીઓને સમજાવવામાં આવ્યું કે હવે જીવવા માટે કેવળ ૧૫ મિનિટ શેષ છે, કારણ કે એથી વધુ આ એન્જિન કામ નહિ આપે. ગભરાટ ફેલાઈ ગયો. લોકો પોતાના દુર્ભાગ્યને દોષ દેતા રોકકળ કરવા લાગ્યા. શ્રી મોદી બોલ્યા, "કકળાટ શા માટે કરવો? તમે તો ભાગ્યશાળી છો. આ પ્રાર્થના કરવાની ઘડી છે. પ્રભુના વિચારમાં મૃત્યુ આવે તો સીધું એમની પાસે જવાય." તે સાંભળીને મોટાભાગના લોકોએ ખરા હૃદયથી પ્રાર્થના કરવા માંડી. પાયલોટે જેમ-તેમ કરીને વિમાન કોઈક શહેરમાં ઉતાર્યું. શ્રી મોદી અને બીજા કેટલાક નીચે ઊતરી ગયા. એન્જિન સમું થયું. વિમાન ફરીથી ઊડ્યું ત્યારે વીજળીના તાર સાથે ભટકાયું અને તરત જ સળગી ઊઠ્યું. થોડા લોકો અંદર હતા તે સમેત આખું વિમાન જ્વાળાઓમાં લપેટાઈને ભસ્મિભૂત થઈ ગયું."

❑ ◆ ❑

કિશનપુર : ઑક્ટોબર ૧૭, ૧૯૬૦

એક પ્રશ્નના ઉત્તરમાં માતાજી બોલ્યાં, "ગૃહસ્થને માટે પૂજાઘરમાં બેસીને પ્રાર્થના કે ધ્યાનનો સમય કાઢવો મુશ્કેલ છે. હંમેશાં સાધુ-સંતોની સંગત કરવી અથવા ધાર્મિક સભા-સત્સંગ વગેરેમાં વારંવાર જવું પણ મુશ્કેલ હોય છે, પરંતુ નામસ્વરૂપ કે મંત્રરૂપ પરમાત્માનો સંગ કરવો હર-હંમેશ શક્ય હોય છે. દૃષ્ટિ સમક્ષ સતત ઇષ્ટમૂર્તિ કે છબિને રાખવી પણ શક્ય નથી, પરંતુ અક્ષરરૂપી વિગ્રહ ગમે તેવા સંજોગોમાં તમારો નિત્યનો સંગાથી બની શકે."

❑ ◆ ❑

નૈમિષારણ્ય : ઑક્ટોબર ૨૬, ૧૯૬૦

પ્રશ્ન : કહેવાય છે કે ૧૯૬૨માં ગ્રહોની યુતિ અતિ અમંગલ છે અને વિશ્વનો પ્રલય થવાનો છે. એમાંથી બચાવ માટે આપણે શું કરવું જોઈએ?

માતાજી : તમે લોકો પાસેથી જાતજાતની વાતો સાંભળો છો અને તમે પોતે સતત ભયભીત હોવાથી તમને ભવિષ્યની બીક લાગવા માંડે છે. યાદ રાખો કે જ્યાં ભયનું નામ ન હોય એવી પણ એક મનઃસ્થિતિ છે. એ સ્થિતિ સુધી પહોંચવાને કાજે તમારો પુરુષાર્થ હોવો જોઈએ. અભય પ્રતિ લઈ જાય તે માર્ગે પગલાં ભરો. સાધન જેવી કોઈ વસ્તુ નથી. સાધન નિરપેક્ષ બનો અને સર્વ સાધનોથી પર જે સાધન છે તેના ભણી વળો. દુનિયામાં જાતજાતનાં કષ્ટો અને વિટંબણાઓ હોય છે. તેમાંથી બહાર આવવાનો એકમાત્ર માર્ગ અભયની સ્થિતિ પ્રાપ્ત કરવાનો છે.

પ્રશ્ન : પરંતુ બાકી બધાનું શું?

માતાજી : પહેલાં તમે પોતે નિર્ભય બનો.

પ્રશ્ન : પરંતુ આ આગાહી અંગે તમારો શો અભિપ્રાય છે?

માતાજી : આ શરીર આવા પ્રકારના પ્રશ્નોના ઉત્તર નથી આપતું.

❑ ◆ ❑

પ્રશ્ન : અમને સાધના કરવાનું અને સંયમ રાખવાનું કહેવામાં આવે છે. અમે અમારાથી બનતો પ્રયત્ન કરીએ છીએ છતાં ભગવદ્પ્રાપ્તિ થતી નથી. અમારે શું કરવું ?

માતાજી : તમારા પ્રયત્નોને ઢીલા પડવા ન દેશો. સતત દૃઢતાપૂર્વક આગળ વધો. જેમ તમે જ્યારે અભ્યાસ કરતા હો ત્યારે તમે પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને આપોઆપ ઑફિસર બનો છો અને સમય જતાં પેન્શન પણ મેળવો છો. તે જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ તમે જો સતત દૃઢતાપૂર્વક ઉદ્યમ કર્યા કરશો તો અંતે બધું જાતે જ તમારા સુધી આવશે.

પ્રશ્નકર્તા : તમે જે કહો છો તે અમને બહુ મોટી આશા આપે છે.

માતાજી : હકીકતમાં મેં સમજાવ્યું એવું જ બધું છે.

પ્રશ્ન : મુક્ત થયેલી વ્યક્તિને ઇચ્છા હોવી શક્ય છે?

માતાજી : મુક્ત હોવું અને ઇચ્છા રાખવી બંને પરસ્પર વિરોધી છે. મુક્તિનો અર્થ થાય છે વાસનારહિત સ્થિતિ. મનુષ્ય મુક્ત પણ હોય અને વાસના પણ રાખે એવું કઈ રીતે બને?

પ્રશ્ન : ભગવાને પોતે એકમાંથી બહુ થવાની ઇચ્છા કરી એ ખરું કે નહિ ?

માતાજી : હા, એ ખરું.

પ્રશ્ન : પણ તમે હમણાં કહ્યું કે મુક્તને ઇચ્છા હોતી નથી.

માતાજી : ભગવાનની ઇચ્છામાં અને વ્યક્તિગત ઇચ્છામાં ઘણો ફેર છે. દિવ્ય ઇચ્છા એ તો દૈવી સંકલ્પ અને એ જુદી જ બાબત છે.

❑ ◆ ❑

નૈમિષારણ્ય : ઑક્ટોબર ૩૧, ૧૯૬૦

આ સાંજે વૃન્દાવન આશ્રમના શ્રી અખંડાનંદ સ્વામીએ ક્રોધ પર વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. ક્રોધનું કારણ વાસના છે, ઇચ્છા છે અને ઇચ્છા-વાસનાનું કારણ અભિમાન છે, એ એમના વક્તવ્યનો પ્રધાન સૂર હતો. ગુરુચરણે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીને તેની સેવામાં લીન થઈ જવા સિવાય ક્રોધ પર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકાય નહિ. આધ્યાત્મિક પ્રયત્નો દ્વારા બનેલા વાતાવરણને બાળી નાખનાર સાધનાની ધારામાં વિક્ષેપ કરનાર અગ્નિ એટલે ક્રોધ.

થોડા સમય પછી, જે અડધા કલાકના સમયમાં માતાજી પ્રશ્નોના ઉત્તર આપે છે તે દરમિયાન લોકો આ વાર્તાલાપનો સંદર્ભ આપતા હતા, તેની ચર્ચા કરતા હતા.

પ્રશ્ન : માતાજી, જે સાધુઓ ગંગોત્રી જેવાં સ્થાનોમાં નિવાસ કરતા હોય અને હિમાલયની કડકડતી ઠંડીમાં કપડાં અને કામળા વગર ચલાવી શકતા હોય તેવા હોવા છતાં તેમનો ક્રોધ ભયંકર હોય છે. તે શા માટે?

માતાજી : જ્યાં સુધી 'હું' અને 'તું'ના ભેદ ન રહે એવી અવસ્થામાં સ્થિત ન થવાય, જ્યાં આત્માના ઐક્યની અને સર્વવ્યાપી હોવાના ગુણની પોતાને અનુભૂતિ થઈ ન હોય ત્યાં સુધી ક્રોધ પર સંપૂર્ણ પ્રભુત્વ કઈ રીતે મેળવી શકાય?

પ્રશ્ન : આવા મનુષ્ય અને પરમાત્મા વચ્ચે શો ભેદ? વળી, તમે પોતે કદી ક્રોધ ન કરે એવું કોઈ જોયું છે ખરું?

માતાજી : આ શરીર જ્યારે નાનું હતું ત્યારે કોઈએ પૂછ્યું : 'અમે સાંભળ્યું છે કે ઋષિઓ પણ એવા ક્રોધાયમાન થતાં કે લોકોને બાળીને ભસ્મીભૂત કરી દેતા. તો પછી અમે અમારા ગુસ્સા પર કઈ રીતે કાબૂ મેળવીએ? આ શરીરને કોઈ શિક્ષણ મળ્યું ન હતું અને એ વખતે તો કોઈ સાધુ-મહાત્માનો સત્સંગ પણ થયો ન હતો. છતાં જવાબ વાળ્યો : 'હા, ઋષિઓ કોઈને ભસ્મીભૂત કરી શકતા તે ખરું પરંતુ જેને ભસ્મ કરે તેને સજીવન કરવાનું સામર્થ્ય પણ તેમનામાં હતું.' એમનો ક્રોધ જુદી ભૂમિકા પર હતો. તમે સર્જન કરી શકતા નથી. તેથી તમારે સંહાર કરવો ન જોઈએ.

પ્રશ્ન : ધારો કે આવીને મારી માતાના ચિત્રને ઉપરથી હેઠે પછાડે તો મારે ગુસ્સો ન કરવો જોઈએ?

માતાજી : ના, તમારે તમારી જાતને એમ કહેવું જોઈએ કે મારી માએ પોતે જ આવીને આ ચિત્રને નીચે પછાડ્યું છે. જે કંઈ બન્યું તે એણે પોતે જ કર્યું છે.

પ્રશ્ન : મારા હૃદયમાં મારી માનું ચિત્ર અંકિત હોય અને ધારો કે તેનું કોઈ અપમાન કરે તો? તો મારે શું ગુસ્સો ન કરવો જોઈએ?

માતાજી : ના, તમારે કહેવું જોઈએ, મા પોતે જ આ બધું બોલી છે. એ સર્વવ્યાપ્ત છે. મારી તિતિક્ષાની કસોટી કરવા માટે જ, યોગ્ય કારણ હોવા છતાં હું ક્રોધ ન કરું એવી તક મને આપવા માટે જ એ આ રીતે બોલી છે.

અહીં કોઈએ રામાયણમાંથી અવતરણ સંભળાવ્યું. ગુરુનિંદા સાંભળવી નહિ અને નિંદકની સંગતથી દૂર રહેવું એવા અર્થનું વચન હતું.

માતાજી : અવતરણ બહુ સુંદર છે. અમુક અવસ્થામાં આ વાત સાચી પણ છે.

પ્રશ્ન : સીતાજીએ લોકોની સમક્ષ અગ્નિપરીક્ષા આપી પછી ધરતીમાં સમાઈ ગયાં, તેના મૂળમાં ક્રોધ નહોતો?

માતાજી : ના, ક્રોધ નહોતો. એવા સંયોગો ઉપસ્થિત થયા હતા

કે સીતા આ જગતમાં તે પછી રહી શકે નહિ. જગત છોડીને ચાલ્યા જવું એમને માટે અનિવાર્ય હતું.

પ્રશ્ન : સીતાને એ વખતે ખરેખર કેવી લાગણી અનુભવાઈ?

માતાજી : તમે વાદ્યને બરાબર બજાવતા નથી તેથી પ્રતિઘોષ-પ્રત્યુત્તર મળતો નથી. પરંતુ તમે પોતે જ છો સીતા અને તમે જ રામ.

પ્રશ્નકર્તા : ના, હું તો સીતાય નથી અને રામેય નથી.

માતાજી : ના, નથી જ. 'હું' તે રામ નથી. જ્યાં જ્યાં 'હું' છે ત્યાં રામ રહી શકે નહિ. 'હું' રામ છું એવું ક્યાં કહ્યું છે? માત્ર રામ જ સર્વત્ર છે, એમના સિવાય કશું નથી. બધું જ રામ છે - બધાં જ રામ છે.

❑ ◆ ❑

કિશનપુર : ઑક્ટોબર ૧૨, ૧૯૬૦

આજે સવારે એક ફ્રેન્ચ યુવતીનું કાબુલથી આગમન થયું. એને પોતાના ધંધાના કામ અંગે ત્યાં જવાનું થયું હતું, અને પૅરિસ પાછાં ફરતાં વચ્ચે દસ દિવસ ભારતમાં ઉતરાણ કર્યું હતું. શ્રી આર્નો (Arnaud Desjardins) માતાજી અને એમની આજુબાજુના વાતાવરણની જે ફિલ્મ ફ્રાન્સમાં બધે બતાવે છે તે તેને એટલી બધી સ્પર્શી ગઈ હતી કે તેણે માતાજી પાસે આવીને રહેવાની આ તક ઝડપી લીધી. ગઈકાલે કાબુલથી દિલ્હી આવીને રાતની દહેરાદૂનની ગાડી પકડી. લોકોના મોટાં ટોળાંની વચ્ચે એક કલાક માતાજીનાં દર્શન કર્યા પછી, એક અક્ષર પણ ન સમજાય એવી, હિન્દી-બંગાળીમાં ચાલતી પ્રશ્નોત્તરી સાંભળ્યા પછી મેં માતાજી વિશેની તેના પર પડેલી છાપ અંગે પૂછ્યું, "મારી અપેક્ષાઓ ખૂબ હતી." એણે જવાબ આપ્યો. "પરંતુ તેના કરતાં અનેકગણું મને જડ્યું છે." ભારતમાં બીજું કંઈ જોવા-કરવાની ઇચ્છા અંગે પૂછ્યું, જેના જવાબમાં સહેજે અચકાયા વિના તેણે ઉત્તર આપ્યો : "ના, હું માતાજી સાથે રહેવા માગું છું."

❑ ◆ ❑

એક ફ્રાન્સવાસિનીને માતાજી સાથે વાતચીત થઈ.

તેણે પૂછેલા પ્રશ્નોમાં એક આ પણ હતો, "પ્રભુ માટે પ્રીતિ કઈ રીતે જાગે ?"

માતાજી : ક્યારેક એવું નથી બનતું કે તમે સાવ જ અજાણ્યા લોકો સાથે દોસ્તી કરો, અને પછી ધીમે ધીમે એ તમને વહાલા લાગવા માંડે? ભગવાન તો છે તમારું આત્મસ્વરૂપ. એમને માટેનો પ્રેમ તો તમારી પ્રકૃતિ છે. કૃષ્ણ કે ક્રાઇસ્ટ કે એવું જે કોઈ સ્વરૂપ તમને પ્રિય લાગતું હોય તેનું ચિંતન કરો, એમના નામનું નિરંતર રટણ કરો, એમને વિશે વિચારો, એમની મહાનતા અને ભવ્યતા વિશે વાચન કરો, મનને સતત વિચારોમાં રમમાણ રાખો.

પ્રશ્ન : જો ભગવાનના કોઈ એક અવતાર માટે આકર્ષણ ન થતું હોય તો શું કરવું જોઈએ?

માતાજી : સ્થિર થઈને બેસો અને અંતરમાં અવગાહન કરો. તમે કોણ છો તેની ખોજ કરો. તમારી જાતને શોધી કાઢવી એટલે ભગવાનને શોધી કાઢવા, અને ભગવાનને શોધી લેવા એટલે તમને પોતાને શોધી લેવા.

❑ ◆ ❑

નવેમ્બર, ૧૯૬૦

નીચે એક પત્ર આપેલો છે. એમાં માતાજી કેટલીક સાધિકાઓને સૂચનાઓ આપે છે.

"પ્રતિક્ષણે, પળે પળ એમના હોવાની સભાનતા રાખવાનો પ્રયત્ન કરો, કેમ કે તમારું જીવન એમને સમર્પિત કરવા માટે આ માર્ગ તમે પસંદ કર્યો છે ને ! બોલો તો એમની વાતો કરો, વિચાર કરો તો એમનો વિચાર કરો, શ્રવણ કરો તો એમની વાણી સાંભળો, એમને વિશે વાતો થાય તે સાંભળો. વળી નોંધ રાખવાનો પ્રયત્ન કરો. તેનાથી મન બહિર્મુખ થવા જશે તો તેના પર કાબૂ રહેશે. એ તમને સજાગ બનાવશે અને

તમારા પ્રયત્નોમાં સહાયક થશે. જે આ માર્ગમાં યાત્રી છે તેમણે મહાન આંતરિક બળ, શક્તિ, ગતિ અને સ્ફૂર્તિ કેળવવાં પડે, જેથી જીવન સુંદર બને, નવા જીવનને નવા ચૈતન્ય-પ્રવાહથી છલોછલ કરી દેવાય. ભાંગેલા-તૂટેલા રગશિયા ગાડામાં બેસીને પ્રવાસ કરવાથી ચાલશે નહિ. પ્રતિક્ષણ મનને રાખવાનું છે તીવ્રપણે ઉત્સાહભર્યું, શક્તિસભર અને સચેત; તો જ સત્વરે આગળ વધાશે. દરેક વ્યક્તિએ પોતાનું જીવન પોતે બનાવવાનું છે. પરમાત્મા જે કંઈ તમને આપે અથવા તમારું જે કંઈ લઈ લે તેને આનંદથી સ્વીકારો.''

❑ ◆ ❑

બીજો પત્ર : જાન્યુઆરી, ૧૯૬૧

''સતત અભ્યાસ કરવાથી અંતે લક્ષ્યપ્રાપ્તિ થાય છે. એમના આ મિત્રની (માતાજીએ આ શબ્દ પોતાને માટે વાપર્યો છે) સલાહનું અક્ષરશઃ પાલન કરવાનો પ્રયત્ન કરવાનો દૃઢ સંકલ્પ એ લોકોએ કરવો જોઈએ. કઈ ક્ષણે પરમાત્મા પોતાના સંસ્પર્શ દ્વારા આપણી ઉપર કૃપા વરસાવશે તે તો એમના હાથમાં છે. એમનું અનવરત આહ્‌વાન, નિરંતર આરાધના કરવાનું આપણું કર્તવ્ય છે. માર્ગને ત્યજીને ઈન્દ્રિયગમ્ય પદાર્થોના સાંસારિક સુખોપભોગ માટે આમ તેમ લક્ષ્યહીન ભટકવામાં ઘણો સમય વિતાવ્યો. હવે શક્ય તેટલો વધુ સમય આત્માની ખોજમાં ગાળો. મિથ્યા અને નિરર્થક વાતોથી કોઈ લાભ નથી. ઉલટું પરમાત્મા પ્રત્યેની પ્રગતિમાં એ બાધારૂપ છે - પોતાના પ્રયત્નોમાં વ્યવધાન છે. યુગોના યુગો આ રીતે નકામા વીતી ગયા. હવે તો, હે બંધુ, તારા સ્વગૃહે પ્રયાણ કર ! માર્ગ પર વધારે રોકાઈ જવાથી તો યાત્રા દરમિયાન ભોગવવી પડતી વિટંબણા અને કઠિનાઈમાં પણ લંબાણ થશે. પરમાત્મા પ્રત્યે જવા માટે જે આતુર છે, જે એમના નામનું રટણ કરે છે, એમના સ્વરૂપનું ધ્યાન ધરે છે તેની ગમે તેવા સંજોગોમાં પણ પ્રગતિ થાય છે એટલું સતત યાદ રાખો. 'એનો પ્રતિસાદ મળતો નથી' એમ કહેવું અને તેને કારણે સાંસારિક રંગરાગમાં ડૂબી જવું એ કોઈના હિતમાં ન હોઈ શકે - આ ક્યારેય ન ભૂલશો.''

❑ ◆ ❑

માતાજીને મળવા અને એમની સાથે રહેવાના એકમાત્ર હેતુથી ભારતમાં આવેલા અને વારાણસી અને અલ્હાબાદમાં થોડા સમયથી માતાજી સાથે રહેતા એક અમેરિકન બહેને થોડા પ્રશ્નો પૂછ્યા. તેમને આ દેશમાં આવ્યે માત્ર બાર દિવસ થયા છે.

પ્રશ્ન : હું કંઈક શુભ અને સુન્દર હોય તેવું જોતી હોઉં - જેમ કે સૂર્યાસ્ત - તો પણ મને લાગે છે કે આ સાચું નથી, ભ્રાંતિ છે. આવી લાગણી થવાનું કારણ શું?

માતાજી : આવી ભ્રાંતિની લાગણીનો અનુભવ અંદરથી જ થાય છે. ઇન્દ્રિયગમ્ય પદાર્થો નાશવંત છે, ક્ષણિક છે, સતત પરિવર્તનશીલ છે, તેથી તે ખરેખર સાચા નથી. આત્મા જે શાશ્વત છે, સત્સ્વરૂપ છે તેને આ ભ્રાંતિનો ખ્યાલ આવે છે. આ અનુભૂતિ થવી એ શુભ ચિહ્ન છે. ભીતર નિરખો અને આત્માની ભાળ મેળવો.

પ્રશ્ન : વ્યક્તિની પોતાની ઇચ્છાશક્તિ હોવી એ ભ્રાંતિ છે અને પરમાત્માની ઇચ્છા શું છે તેની ખબર પડતી નથી, તો પછી હેતુપૂર્ણ જીવન કઈ રીતે જીવી શકાય?

માતાજી : આત્મચિંતન કરવાથી જીવનને હેતુપૂર્ણ બનાવવાની રીત મળી આવશે. આત્મ-સાક્ષાત્કાર કરવાની અભીપ્સા રાખવી એ મનુષ્યનું કર્તવ્ય છે.

પ્રશ્ન : કલામાં જે અભિવ્યક્તિ થાય છે તેનું શું?

માતાજી : એ પણ અનિત્યના પ્રદેશમાં જ વસે છે. તમે એક ચિત્ર દોરો પણ એ હંમેશાં રહેવાનું નથી. સુંદરમાં સુંદર ગીત પણ ક્ષણ પછી વિલીન થઈ જાય છે.

પ્રશ્ન : ધારો કે કોઈ પણ હિસાબે એ પ્રયત્ન ચાલ્યા કરે તો પોતાની આજુબાજુના મનુષ્યો સાથે અને પોતાની સર્જનશક્તિ સાથે કઈ રીતે જીવવું તેની કઈ રીતે ખબર પડે?

માતાજી : જે મનુષ્ય સાંસારિક પ્રવૃત્તિ કરવા જાય છે અને સાંસારિક

પ્રવૃત્તિમાં વ્યસ્ત રહે છે તે પોતે જે કંઈ કરે તેમાંથી સંતોષ મેળવે છે. નહિ તો એ બધું એને શા માટે કરવું પડે? તેને લાગે છે કે પોતે કંઈક સારું કરે છે, તેને પ્રતિષ્ઠા અને પ્રશંસા મળે છે, ધન-દોલત અને આબરૂ મળે છે અને તેનું મન એની ઘટમાળમાં ગૂંથાયેલું રહે છે. કોઈ એનો વિરોધ કરે અને એના માર્ગમાં વિઘ્ન ઉત્પન્ન કરે તો તે ક્રોધિત થાય છે અને પેલાના પ્રત્યે શત્રુતાનો ભાવ અનુભવે છે. જે વ્યક્તિ આત્મસાક્ષાત્કાર માટે પ્રયત્નશીલ છે તે સલાહ-સૂચન, માર્ગદર્શન અને સત્સંગ માટે મહાત્માઓની નજીક જશે. તે વિદ્વાનો દ્વારા લખાયેલા ગ્રંથોનું સેવન કરશે, તેમને માટે અહોભાવ અનુભવશે અને તેમના જેવા બનવાની આકાંક્ષા રાખશે. તે સત્યની અન્વેષણા કરતો હોવાથી વાણી અને વર્તનમાં સત્યપ્રેમી બનશે. આત્મા એક છે તેથી તે બધા માટે પ્રેમ રાખશે અને સૌનો મિત્ર બનીને રહેશે. તેની નિંદા કરવામાં આવે અને તેના પ્રત્યે દુર્વ્યવહાર કરવામાં આવે તો પણ તે પ્રતિકાર કરશે નહિ. પરંતુ સઘળું એક જ છે એ યાદ રાખશો. કૂતરો તમને કરડે છે પરંતુ તમે તેને સામું કરડતા નથી.

જે મનુષ્ય સાંસારિક સુખોપભોગ માટે ગડમથલ કર્યા કરે છે, તે મૃત્યુ માટે કામ કરે છે. કેમ કે, આ સંસારમાં સર્વ કાંઈ સતત મરણશીલ છે, મૃત્યુ પામે છે અને તેને સ્થાને બીજું કાંઈક આવી જાય છે; જેમ કે, નાની બાલિકા મટીને કિશોરી બને છે ત્યારે બાલિકા મૃત્યુ પામે છે, તેમાંથી સ્ત્રી બને ત્યારે કિશોરી મૃત્યુ પામે છે અને આમ ચાલ્યા જ કરે છે પરંતુ જે આત્મ-સાક્ષાત્કાર માટે પ્રયત્ન કરે છે તે અમરત્વ માટે કાર્યરત છે. સંસારમાં જીવવાથી અને કામ કરવાથી અને સાંસારિક લોકો સાથે સંપર્કમાં આવવાથી મનુષ્યની સર્જનશક્તિ ઇન્દ્રિયગમ્ય પદાર્થોની પાછળ વેડફાઈ જાય છે, અને પરિણામે નબળાઈ લાગે છે, થાક લાગે છે અથવા માંદગીનો અનુભવ થાય છે પરંતુ આત્મ-સાક્ષાત્કારની અભીપ્સા સેવવાથી મનુષ્યની સર્જનશક્તિ સંવર્ધિત થાય છે સઘન બને છે.

સંસારમાં રહેતી વ્યક્તિને લોકોને હળવા-મળવામાં, પાર્ટી વગેરેમાં મજા પડે છે, જ્યારે આત્મસાક્ષાત્કારનું ધ્યેય હોય અને ધ્યાન કરવામાં, પરમાત્માનું સ્તવન કરવામાં, શાસ્ત્રપાઠ કરવામાં, ધર્મગ્રંથોના વાંચનમાં,

ધર્મ અને તત્ત્વદર્શન પરના વાર્તાલાપોનું શ્રવણ કરવામાં અને તે માર્ગના યાત્રીઓ સાથે હળવા-મળવામાં આનંદ આવે છે.

હવે વર્તનની વાત. ધીમે-ધીમે ભક્ત પોતે ઠાકુરનો દાસ છે એવું અનુભવશે, અને વધુને વધુ નમ્ર, મૃદુ અને મધુર બનતો જશે. ગમે તે ભાવે સાધના કરો પરંતુ સૌની સાથે મૃદુ બનો, ભલા બનો, પ્રેમાળ બનો, કેમકે આત્મા એક છે, જેની પ્રકૃતિ પ્રવૃત્તિશીલ છે તે સેવા કરશે - મનુષ્યોની નહિ, પરંતુ સૌને પરમાત્માનું સ્વરૂપ સમજીને ભગવદ્‌ભાવથી સેવા કરશે. આ જ છે સાચી સેવા. તેનાથી ચિત્તશુદ્ધિ થાય છે અને આત્મસાક્ષાત્કાર ભણી આગળ જવાય છે. જે મનુષ્ય સાક્ષાત્કાર માટે નીકળ્યો છે, તે એમ વિચારશે કે બધાં જ તે એક પરમાત્માનાં સ્વરૂપો છે અને તેથી તે બધાની સાથે કરુણાપૂર્ણ અને સહાનુભૂતિભર્યો વ્યવહાર કરશે.

જ્યારે વૃક્ષ પરથી સૂકાયેલાં પર્ણો ખરી જાય છે ત્યારે બીજાં આપોઆપ, સહજ ઊગી નીકળે છે. એ જ રીતે, જ્યારે મનુષ્યનું જીવન પ્રત્યેનું વલણ બદલાશે ત્યારે આપોઆપ તેનાં વર્તન અને વ્યવહાર પણ બદલાશે. મુમુક્ષુને માટે ઘણા માર્ગો છે. ઘણી જીવનરીતિઓ છે, પરંતુ અહીં આ શરીરે તમને એમાંથી થોડાક દર્શાવ્યા છે. પોતાના સ્થાન પ્રમાણે સાધકે કેટલાક નિયમો અને પ્રતિબંધો પાળવાનાં રહેશે, જેમકે તે બ્રહ્મચર્યની દીક્ષા લે અથવા તો સંન્યાસી બને તો તેણે તે પ્રમાણેના નિયમોને અનુરૂપ જીવન ગાળવાનું રહેશે.

એક કન્યા : પરમાત્માની પ્રાપ્તિ માટે આશ્રમમાં જોડાવું અનિવાર્ય છે કે પછી ઘરમાં રહીને પણ એ શક્ય બને છે?

માતાજી : પરમાત્મા સર્વવ્યાપી છે અને બધે જ તેને શોધી શકાય છે. ઘર પણ એક આશ્રમ છે, તેનું નામ છે ગૃહસ્થાશ્રમ. પરમાત્મા સર્વવ્યાપી છે અને નિઃસીમ છે, આપણા મન સિવાય તેને કોઈ સીમા નથી, એ વાતનો સાક્ષાત્કાર કરવા માટે લોકો આશ્રમમાં જોડાય છે અથવા ગંગાકિનારે એકાંતમાં બેસે છે. પોતાની ખોજમાં સૌથી વધુ સહાયક બને એવા પ્રકારનું જીવન પ્રત્યેક વ્યક્તિ પસંદ કરે છે.

❑ ◆ ❑